પર્યાવરણ મિત્ર

અનક્રમણિકા

ક્રમ	વિગત	પાનનં
1.	ગુજરાત રાજ્ય પ્રદૂષણને સહજ સમજે છે, કોઈ	....૦૧
2.	કોવીડ-૧૯ની પરિસ્થિતિમાં યોજાતી પર્યાવરણીય લોક-સુનાવણીઓ : લોકોની સહભાગિતા રોકવાની ચાલબાજી	.....૦૩
3.	કાર્બન માર્કેટ વેબિનાર અહેવાલ	.....૦૬
4.	શું હવે પર્યાવરણના ભોગે થશે ઉદ્યોગોનો વિકાસ?	.....૦૮
5.	ગ્રીન કેટાલિસ્ટ : સંવાદ વેબિનાર સીરીઝ	.....૧૪
6.	મહાત્મા ગાંધીએ ફોન કર્યો મોદીજીને ! શું તમે ખરેખર	.....૨૩
7.	ગુજરાત વિદ્યાપીઠની “માનવેતર સજીવસૃષ્ટિ”	.....૩૦
8.	મૌસમ પરિવર્તન અને આપણે	.....૩૨

ગુજરાત રાજ્ય પ્રદૂષણને સહજ સમજે છે, કોઈ ગંભીરતા નથી.

મહેશ પંડ્યા

નદીઓની શુધ્ધતા પાછળ કરેલ ખર્ચની વિગતો :

તાજેતરમાં કેન્દ્રીય જળ સંસાધન મંત્રીએ એક પત્ર પાઠવીને રાજ્ય સરકારનું ધ્યાન દોર્યું કે, કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને નદી શુદ્ધિકરણ યોજના હેઠળ કરોડો રૂપિયા ફાળવ્યા છતાંપણ ગુજરાતની નદીઓ શુદ્ધ કેમ થતી નથી.

નેશનલ રીવર ક્લીનીંગ પ્રોજેક્ટ અંતર્ગત સાબરમતી, મીનડોલા અને તાપી શુધ્ધ કરવા માટે વર્ષ (૧) ૨૦૧૬-૧૭ માટે ૭૧.૪૦ કરોડ (૨) ૨૦૧૭-૧૮ માટે ૬૨.૦૦ કરોડ (૩) ૨૦૧૯-૨૦ (સપ્ટેમ્બર સુધી) ૩૮.૬૨ કરોડ ખર્ચવા છતાંય તાપી અને સાબરમતી અશુધ્ધ રહી. (સ્ત્રોત : અતારાંકિત પ્રશ્ન નં;૨૯૩૫ ,૦૫/૧૨/૨૦૧૯ લોકસભા.)

જલાઈ-ઓગસ્ટ - ૨૦૨૦ : અંક – ૨૬૭-૨૬૮

સંપાદન	સહયોગ	સંપાદકીયમાર્ગદર્શન
મહેશ પંડ્યા	મહેશ પરમાર	ફાલ્ગુનીજોષી

ફક્ત ખાનગી વિતરણ અને શૈક્ષણિકહેતુ માટે જ (અનિયતકાલીન)

ખૂબજ પ્રદૂષિત નદીઓ/ખાડીઓ :

લોકસભાના અતારાંકિત પ્રશ્ન નં;૧૬૧૪, તારીખ ૨૮/૧૧/૨૦૧૯ના જવાબમાં મળેલી વિગતો મુજબ ગુજરાતની આ ૨૨ નદીઓ/ખાડી ખૂબજ પ્રદૂષિત છે. - અમલાખાડી, ભાદર, ભોગાવો, ખારી, સાબરમતી, વિશ્વામિત્રી, ઢાંઢર, ત્રિવેણી, અમરાવતી, દમણગંગા, કોલક, મહી, શેઢી, તાપી, અનાસ, બાલેશ્વર ખાડી, કીમ, મેશ્વા, મીંઢોળા અને નર્મદા.

આ સ્થિતિના કારણો જોઈએ તો,

1) ૯૬ નગરપાલિકાઓ પાસે સુએજ નેટવર્ક જ નથી. ૩ મહાનગરપાલિકાઓ અને ૧૫૮ નગરપાલિકાઓ પાસે સુએજ ટ્રીટમેન્ટ ફેસીલીટી જ નથી.
2) સહિયારા જળ પ્લાન્ટ (કોમન એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) પૈકી કોઈ પણ પ્લાન્ટે નિયત કરેલા ધોરણો મુજબ દૂષિત પાણીનો નિકાલ કર્યો ન હતો. સહિયારા જળ પ્લાન્ટમાં બિનઅસરકારક પ્રક્રિયા અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તરફથી બિનઅસરકારક અનુસરણના પરિણામે જેમાં પ્રક્રિયા કરેલું દૂષિત પાણી છોડવામાં આવતું હતું એ કુદરતી જળાશયોમાં પ્રદૂષણ થયું હતું. (સ્ત્રોત : CAG રીપોર્ટ નંબર ૫, વર્ષ ૨૦૧૫)
3) પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગો પાસેથી મામૂલી દંડ કે બેંક ગેરંટી લઇને છાવરવામાં આવે છે.
4) ગુજરાત સરકારે જ ગઠિત કરેલ વોટર ક્વોલિટીમોનીટરીંગ કમિટીની બેઠકો જ મળતી નથી.
5) જાન્યુઆરી ૨૦૧૯ માં નર્મદાની મેઈન કેનાલ પ્રદૂષિત થઇ હતી. યોગ્ય તપાસને અભાવે કોઈ ચોક્કસ કારણો ના મળ્યા (અથવા એવું કહી શકાય કે કારણો છૂપાવવામાં આવ્યા)
6) લોકડાઉન દરમ્યાન પાણી પ્રદૂષણનો અભ્યાસ અહેવાલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે તૈયાર કરેલો તેમાં પણ નદીઓ પહેલેથી જ ચોખ્ખી છે તેમ બતાવીને પ્રદૂષણ છૂપાવવાનો પ્રયત્ન થયો હતો. આ અભ્યાસ અહેવાલ પછી કોઈ એકશન પ્લાન પણ તૈયાર ના થયો એ જુદી ચર્ચાનો મુદ્દો છે.

કોરોનાકાળમાં લોકો શું કરે – પર્યાવરણ અંગે રજૂઆત કરે કે પોતાનું આરોગ્ય સાચવે?

જુલાઇ અને ઓગસ્ટ માસમાં દેશમાં અને ગુજરાતમાં કોરોના તીવ્ર ગતિએ આગળ વધી રહ્યો છે. ગુજરાતમાં પ્રતિ દિવસ એક હજારથી વધારે લોકો સંક્રમિત થઇ રહ્યા છે, ગ્રામ્ય સ્તરે પણ કોરોના વધી રહ્યો છે. તેવા સંજોગોમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પર્યાવરણીય લોક-સુનાવણીઓ યોજીને લોકોને તેમાં ભાગ લેવા આમંત્રિત કરે છે. જે ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ તેમજ ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા કોરોનાથી બચવા માટે જાહેર કરાયેલ માર્ગદર્શિકાઓનાં ઉલ્લંઘન સમાન છે.

❖ પર્યાવરણીય લોકસુનાવણી મોકૂફ રાખવા થયેલ પ્રયત્નો

નિયત યાદી અનુસારના ઉદ્યોગોના સ્થાપન કે ઉત્પાદનમાં વિસ્તરણ કરવા માટે પર્યાવરણીય સંમતિ લેવી પડતી હોય છે, તેની પ્રક્રિયાના ભાગરૂપે લોકોના મંતવ્યો, સૂચનો અને વાંધાઓ જાણવા માટે લોક-સુનાવણીઓ કરવાની ફરજીયાત હોય છે. પરંતુ, આજની કોવીડ-૧૯ની સ્થતિમાં “સ્ટે એટ હોમ અને સ્ટે સેફ”ની જાહેરાતો કરવામાં આવે છે. દેશની સંસદ, રાજ્યોની વિધાનસભાઓ, અદાલતો જ્યારે બંધ હોય તેવા સંજોગોમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા લોક-સુનાવણીઓ યોજવામાં આવે છે તે કેટલી ઉચિત છે એ પ્રશ્ન સૌને થાય જ. પર્યાવરણમિત્ર તરફથી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, જીલ્લા કલેકટર, પોલીસ ખાતું, આરોગ્ય વિભાગ, મુખ્ય સચિવ, મુખ્યમંત્રી, અદાલત ઉપરાંત માનવ અધિકાર પંચને આ પર્યાવરણીય લોક સુનાવણીઓને હાલના સંજોગોમાં યોજીને લોકોને જોખમમાં ના મૂકવા રજૂઆતો કરવામાં આવી. એક રીતે જોઈએ તો લોકોને પોતાનું મંતવ્ય રજૂ કરવાથી બાકાત રાખવાની આ એક ચાલબાજી પણ લાગે છે.

❖ મુખ્ય કારણો

સામાન્ય સમજણની વાત છે કે લગ્ન અને મરણપ્રસંગની જેમ લોક-સુનાવણીઓમાં લોકોની સંખ્યા મર્યાદિત ના કરી શકાય. અસરગ્રસ્ત તમામ નાગરિકોને લોક-સુનાવણીમાં હાજરી આપવાનો અને બોલવાનો અધિકાર છે તેવા સંજોગોમાં આવી લોક-સુનાવણીઓથી કોરોનાનું સંક્રમણ વધી જશે. અથવા લોકો સહભાગી થવાનું ટાળશે તે બાબતનો ઉલેખ્ખ કરીને પર્યાવરણ મિત્રે રાજ્ય સરકારના તમામ સંબંધિત વિભાગો સમક્ષ રજૂઆત કરી.

* કોવીડ-૧૯ ની પરિસ્થિતિને જોતા લોકોમાં ગભરાટ અને બીક છે તે સંજોગોમાં મહદંશે લોકો સુનાવણીમાં ભાગ લેવાનું ટાળશે.એક રીતે આ લોકોની સહ્ભાગીતાને ઘટાડશે. લોકશાહી દેશમાં લોકોનો અવાજ બહાર નહિ આવી શકે.
* સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈને સરકાર દ્વારા વિવિધ નિર્ણયો લેવામાં આવે છે. જાહેર તહેવારો અને ધાર્મિક કાર્યક્રમો પણ બંધ રાખવામાં આવ્યા છે. જન્માષ્ટમી, શ્રાવણના લોકમેળાઓ, ભાદરવી પૂર્ણિમાએ

યોજાતા મેળાઓ, શ્રાવણ મહિનામાં દર સોમવારે મહાદેવના મંદિરના દર્શન કરવા વગેરે જેવા લોક તહેવારો/ધાર્મિક પ્રવૃત્તિઓ પર નિયંત્રણો મૂકાયા છે.

* ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અને પેન્ડામિકને ધ્યાને લેતા કેન્દ્ર સરકારનું ગૃહ અને આરોગ્ય મંત્રાલય તેમજ રાજ્ય સરકાર વારંવાર જાહેરાતો થકી **"સ્ટે એટ હોમ અને સ્ટે સેફ"** જણાવે છે તેવા સંજોગોમાં પર્યાવરણીય લોક-સુનાવણીઓ યોજવાથી સંક્રમણ વધવાનો ભય છે.
* લોક-સુનાવણીઓમાં સંખ્યા પર કોઈ નિયંત્રણ ન રાખી શકાય. તમામ અસરગ્રસ્તોને ભાગ લઇને પોતાની રજૂઆતો કરવાનો અધિકાર છે. તે સંજોગોમાં લોકો જો કોરોના ગ્રસ્ત બને અને સંક્રમણ વધે તો ગંભીર સમસ્યા બને તેમ છે.

❖ અથાક પ્રયાસોની સમાંતર અસર

લેખિત રજૂઆતો થકી માંગણી કરી કે ઓગસ્ટમાં ગુજરાતના ચાર જીલ્લાઓ (૧. ખેડા, ૨. સાબરકાંઠા, ૩. મોરબી, ૪. દેવભૂમિ દ્વારકા) માં સાત લોક-સુનાવણીઓનું આયોજન કરાયું છે તેને તાત્કાલિક અસરથી મોકૂફ રાખવાની જાહેરાત કરવામાં આવે અને કોરોનાની પરિસ્થિતિ હળવી ના બને ત્યાં સુધી લોક-સુનાવણીઓ આયોજિત ના કરાય/ જાહેર ના કરવામાં આવે તેવી માંગણી રાજ્યના મુખ્ય સચિવશ્રીને કરવામાં આવી. જોકે, આ રજૂઆતોની સમાંતર અસર રૂપે નીચેની સ્થિતિ જોવા મળી છે. જેમકે,

- જુલાઇ માસની પર્યાવરણીય લોક્સુનાવણી પાછળ લઇ જવાની ફરજ પડી
- સાબરકાંઠા જીલ્લાની ત્રણ પર્યાવરણીય લોક-સુનાવણીઓ મોકૂફ પણ રખાઈ
- સપ્ટેમ્બર માસમાં માત્ર એક પર્યાવરણીય લોક-સુનાવણી જાહેર કરી છે.

❖ પ્રજા ભલે બાકાત રહે, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો અમાનવીય ઉત્તર

તા. ૦૮-૦૮-૨૦૨૦ ના રોજ અમને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નાયબ મુખ્ય પર્યાવરણ ઇજનેર શ્રી, જી. એચ. ત્રિવેદીની સહીથી પત્ર મળ્યો છે કે, EIA નોટિફિકેશન મુજબ અમારે ૪૫ દિવસમાં લોક-સુનાવણી કરવાની હોય છે જેથી અમે આ લોક-સુનાવણીઓ કરીએ છીએ. જાહેરનામાની રીતે આ જવાબ અપાયો છે એ સાચું પરંતુ, પ્રવર્તમાન સંજોગો જોતા આનું પાલન કરવું તે જડતા છે. લોકડાઉન વખતે તમામ કાયદા કાનૂનો બાજુ પર મૂકાયા હતા અને તાત્કાલિક અસરથી લોકડાઉન પાળવામાં આવ્યું હતું, કારણકે પ્રજાના આરોગ્યનો પ્રશ્ન હતો. તેવી જ રીતે અનલોકની ગાઈડ લાઈન મુજબ પણ ગુજરાત સરકારે જાહેર મીટીંગો ઉપર મંજૂરીનથી આપી છતાં આ જનતાને જોખમમાં મૂકવાની કે જનતાને બાકાત કરવાની પ્રક્રિયા ચાલી.

આ જવાબ બરાબર નથી એટલા માટે કે, રાજ્ય અને દેશમાં નિયત સમયે લેવાવી જોઈતી પરીક્ષાઓ બંધ રહી છે, શૈક્ષણિક કાર્યો પણ ઠપ્પ થઇ ગયા છે. અદાલતોની અતિઆવશ્યક કામગીરીઓ પણ બંધ છે, સરકારે દરેક વિભાગોમાં સમયમર્યાદા વધારી આપી છે. નાગરિક સેવા હોય કે અન્ય લાયસન્સ લેવાની વાત હોય – સરકારે પોતાની પ્રજાના આરોગ્યને પ્રાધાન્ય આપ્યું છે. ૫૫ દિવસ લોકડાઉન ચાલ્યું તે સંજોગોમાં કેન્દ્ર સરકાર

અને રાજ્ય સરકારની અનલોક ગાઈડલાઈન-૩ મુજબ જ કાર્યવાહી કરવાની હતી. જોકે, આ અપ્રસ્તુત જવાબથી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો અમાનવીય ચહેરો છતો થયો છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પત્રમાં સંદર્ભ મૂકાયેલા લોક-સુનાવણી માટેના નોટિફિકેશનમાં એમ પણ જોગવાઈ છે કે, લોક-સુનાવણીમાં સંખ્યાને મર્યાદિત ના કરી શકાય, તેમાં એક માણસથી લઈને હજાર માણસ પણ આવી શકે. જો આવું થાય તો કોરોના સંક્રમણનો ભય વધી જવા પામે. કોરોનાના સંક્રમણની બીકને લીધે લોકો સ્વૈચ્છિક રીતે આવી લોક-સુનાવણીમાં નહિ આવે અને કેન્દ્ર તથા રાજ્ય સરકારનું સુત્ર "ઘરે રહો અને સલામત રહો" નું પાલન કરશે. લોકોને ડર અને બીક છે. જેના લીધે જૂજ માત્રામાં લોકો જોડાય એવીપણ પરિસ્થિતિ ઉભી થાય જેથી લોક-સુનાવણીનો મૂળ હેતુ બર નહિ આવે.

આ પત્રમાં લખ્યું છે કે, ૪૫ દિવસમાં પબ્લિક હિયરીંગ ના કરવાથી રેગ્યુલેટરી ઓથોરીટી બીજી કોઈ એજન્સી મારફતે પબ્લિક હિયરીંગ કરાવી શકે. ગુજરાતમાં ૨૦૦૬ના EIA નોટિફિકેશન પછી અસંખ્ય દાખલાઓ બન્યા છે કે પબ્લિક હિયરીંગ ૪૫ દિવસ કરતા વધારે દિવસો સુધી ના થઇ હોય જેથી પત્રમાંની દલીલ ગળે ઉતરે તેવી નથી.

❖ રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે મુખ્ય સચિવશ્રીને જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યું

COVID-19ની પરિસ્થિતિમાં જુલાઇ માસની શરૂઆતમાં અનલૉક ૨.૦ ની માર્ગદર્શિકા મુજબ કેટલાક પ્રતિબંધો સાથે જીવન ધોરણ શરુ થયું. તેની પહેલા જૂનના અંતમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લા વચ્ચે આવેલ પ્રોજેક્ટ અંગે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તારીખ 28 જુલાઈ 2020 અને 29 જુલાઈ 2020 ના રોજ પર્યાવરણીય લોક સુનાવણીનું આયોજન કરવાની જાહેરાત થઈ. પર્યાવરણ મિત્રની આ રજૂઆતને સરકારના વિભાગોએ ધ્યાને ના લેતા પર્યાવરણ મિત્રે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ સમક્ષ રજૂઆત કરી હતી અને કોરોના કાળમાં આ લોક સુનાવણી મોકૂફ રાખવા માંગ કરી. અલબત્ત, કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા એક મહિના માટે આ બંને સુનાવણીઓ તે વખતે મોકૂફ કરી દીધી. જે ૨૮ - ૨૯ ઓગષ્ટ દરમિયાન યોજાઈ રહી છે. તા. ૨૪ ઓગસ્ટ,૨૦૨૦ના રોજ રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે આ બાબતે સંબધિત અધિકારી સામે જરૂરી પગલા લેવા રાજ્યના મુખ્ય સચિવશ્રીને જણાવ્યું છે.

❖ અંતે,

પર્યાવરણીય લોક્સુનાવણી એ સ્થાનિક લોકો માટે નિર્ણય પ્રક્રિયામાં સહભાગી બનવાની તક છે, લોકોને સામેલ કરવા એ સરકારી તંત્રોની ફરજ છે. પર્યાવરણીય બાબતોમાં લોકોની સહભાગિતા ઘટાડવાની આ પ્રક્રિયાના પરિણામરૂપે આયોજિત લોક્સુનાવણીઓમાં પચાસથી ઓછા વ્યક્તિઓ સહભાગી બને એવી વિશેષ કાળજી સત્તાતંત્રે રાખી હોય એવું ઓગસ્ટ મહિનાની પર્યાવરણીય લોક્સુનાવણીની મિનીટ્સ પહેલી નજરે જોતા લાગે છે.

“ભારતમાં કાર્બન માર્કેટની ભૂમિકા” વેબિનાર યોજાયો

પર્યાવરણ મિત્ર અને બેલ્જીયમ સ્થિત કાર્બન માર્કેટ વોચ સંસ્થાના સયુંકત ઉપક્રમે “ભારતમાં કાર્બન માર્કેટની ભૂમિકા” વિષય પર પાંચમી ઓગષ્ટના રોજ ઓનલાઈન વર્કશોપ યોજાઈ ગયો.

દુનિયા માટે કલાયમેટ ચેઈન્જ આજનો પ્રાણપ્રશ્ન છે, દુનિયાભરના દેશો તેનો સામનો કરવા વિવિધ સંધિઓ અને પ્રક્રિયાઓ કરી રહ્યા છે. ભારતે પણ કલાયમેટ એક્શન માટેના અગત્યના કરાર પેરિસ સંધિને અપનાવી છે અને કલાયમેટ એક્શન માટેની પ્રતિબધ્ધતાઓ NDC(Nationally Determined Contribution)દસ્તાવેજમાં વ્યક્ત કરી છે.ભારત ગ્રીન હાઉસ વાયુઓના ઉત્સર્જનમાં દુનિયામાં અમેરિકા અને ચીન પછી ત્રીજા સ્થાને છે , ભારતે ઉત્સર્જન લેવલ ઘટાડવા પોતાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરતા NDC દસ્તાવેજમાં વર્ષ 2030 સુધીમાં 33-35% જેટલો ઘટાડો કરવાનો ઉલેખ્ખ કર્યો છે. આ ઉપરાંત, રીન્યુએબલ એનર્જી ને અપનાવવા પર ભાર મૂક્યો છે.

કલાયમેટ એક્શનમાં કાર્બન ઉત્સર્જનના ઘટાડા માટે યુનાઇટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન કલાયમેટ ચેઈન્જ અંતર્ગત ક્યોટો પ્રોટોકોલ હેઠળ ક્લીન ડેવલપમેન્ટ મીકેનીઝમ(CDM) અને અન્ય માર્કેટ વ્યવસ્થાઓ અમલમાં આવી હતી. કાર્બન બજારોનો ઉપયોગ કાર્બન ઓફસેટ્સ ખરીદવા માટે દેશો અને કંપનીઓ દ્વારા કરવામાં આવે છે, જે તેમને પોતે જાતે પ્રદૂષણ ના ઘટાડે તો પણ ઉત્સર્જન ઘટાડાનો દાવો કરવાની મંજૂરી આપે છે. આવા કાર્બન ઓફસેટ્સ ઉત્પન્ન કરવા માટે વિશ્વભરમાં ઉત્સર્જન ઘટાડવાના ઘણા બધા પ્રોજેક્ટ અમલમાં

મૂકાયા છે, અને યુએનએફસીસીસીમાં નિયમો અપનાવવામાં આવ્યા છે. CDM પ્રોજક્ટ ભારતના વિવિધ વિસ્તારોમાં સ્થપાયા, કેટલાક સારા CDM પ્રોજેક્ટો જે હકીકતમાં ઉત્સર્જન ઘટાડતા હતા અને થોડા CDM પ્રોજેક્ટ માત્ર નફો કમાવા માટે રજીસ્ટર થયા હતા. ઉમદા ભાવનાથી રચાયેલી વ્યવસ્થાને નફા માટે વાપરવાને લીધે આજે કાર્બન માર્કેટ ભરોસાપાત્ર રહ્યા નથી. વધુમાં, આંતરરાષ્ટ્રીય કલાયમેટ વાટાઘાટોમાં પેરિસ રુલબુક હેઠળ આર્ટીકલ 6 હેઠળ હજુ કોઈ આખરી નિર્ણય લેવાયો નથી.

2021, કાર્બન માર્કેટ માટે નવા યુગની શરૂઆતની નિશાની છે, કારણ કે નવા આંતરરાષ્ટ્રીય નિયમો કાર્બન માર્કેટના ઉપયોગને સંચાલિત કરશે. જો કે, નિયમો પર સંમત થવાની વાટાઘાટો હજી સુધી નિષ્ફળ ગઈ છે અને તેથી અનિશ્ચિતતા રહે છે કે દેશો આ બજારોને નિયંત્રિત કરવા માટે સામાન્ય નિયમો પર સંમત થઈ શકશે કે નહીં.નિયમોની ગેરહાજરીમાં, કાર્બન ક્રેડીટનો આંતરરાષ્ટ્રીય વેપાર થતો રહેશે અને આ પરિસ્થિતિમાં નાગરિક સંગઠનોની દેખરેખ ખાસ કરીને મહત્વપૂર્ણ રહેશે.



પર્યાવરણમિત્રના સહયોગથી કાર્બન માર્કેટ વોચ સંસ્થા દ્વારા નાગરિક સંગઠનો, શૈક્ષણિક સંસ્થાઓ, નીતિનિર્ધારકો, સંશોધનકારો અને અન્ય જાગૃત નાગરિકોએ ભારતમાં આંતરરાષ્ટ્રીય કાર્બન બજારોની ભૂમિકા વિશેના વેબિનારમાં ઉત્સાહભેર ભાગ લીધો. આંતરરાષ્ટ્રીય કાર્બન માર્કેટ અંગે કાર્બન માર્કેટ વોચના શ્રી જીલ્સ દુફ્રાસને દ્વારા વિસ્તૃત માહિતી અપાઈ, ત્યારબાદ કાર્બન માર્કેટ ને સમજવા એક વિડીઓ ફિલ્મ બતાવાઈ. ભારતમાં કાર્બન માર્કેટની ભૂમિકા અંગે પર્યાવરણ મિત્રના મહેશ પંડયા અને ફાલ્ગુની જોશીએ રજૂઆત કરી. સહ્ભાગીઓના પ્રશ્નો સાથે ઓનલાઈન વર્કશોપની સમાપ્તિ થઇ.

આ વેબીનારનું રેકોર્ડીંગ આ લીંક પર ઉપલબ્ધ છે

https://www.youtube.com/watch?v=yvV5k9VcPPU&feature=emb_title

શું હવે પર્યાવરણના ભોગે થશે ઉદ્યોગોનો વિકાસ?

મહેશ પંડ્યા

જૂન ૨૦૧૪માં આઈ.બી. રિપોર્ટ લીક થયો (કે કરવામાં આવ્યો?) તેમાં ૧૨૯ જેટલી વ્યક્તિઓ/સંસ્થાઓને ડેવલપમેન્ટ પ્રોજેક્ટસ અટકાવવા માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા. વળી, કહેવામાં આવ્યું કે આવાં તત્વો દ્વારા દેશનો વિકાસ રુંધાયો છે અને જીડીપીમાં ૨ થી ૩ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે.

૧૫ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ લાલ કિલ્લા પરથી એક સૂત્ર અપાયું. 'મેઇક ઇન ઇન્ડિયા', 'મેઈડ ઇન ઇન્ડિયા' સાથે સાથે બીજું સૂત્ર પણ ત્યારબાદ અપાયું તે 'ઝીરો ડિફેક્ટ એન્ડ ઝીરો ઈફેક્ટ.' વિદેશોની ભૂમિ પરથી બોલવામાં આવ્યું કે, ભારતમાં આવો, મૂડી રોકાણ કરો; તમને અમારા કોઈ કાયદા (ખાસ કરીને પર્યાવરણ અને કામદાર કાયદા) નહિ નડે અને પ્રવર્તમાન કાયદાઓની અડચણ દૂર કરીશું.

આ પ્રક્રિયાને એક ઉદાહરણ દ્વારા વિસ્તૃત રીતે જોઈએ. ૨૯ ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજ ભારત સરકારના વન પર્યાવરણ તથા ક્લાઈમેટ ચેન્જ મંત્રાલયના કાર્યાલય તરફથી હુકમ બહાર પડાયો હતો જેમાં શ્રી ટી. એસ. આર. સુબ્રમણ્યમ્ ભૂતપૂર્વ કેબીનેટ સેક્રેટરીના અધ્યક્ષ પદે ઉચ્ચ સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું. જે સમિતિએ વિવિધ કાયદાઓનું આકલન કર્યું.

ચાર તજ્જ્ઞ સભ્યો અને બે સચિવોની બનેલી આ સમિતિમાં (૧) શ્રી ટી. એસ. આર. સુબ્રમણ્યમ્ (ચેરમેન) (૨) શ્રી વિશ્વનાથ આનંદ (ભૂતપૂર્વ સેક્રેટરી) વન અને પર્યાવરણ મંત્રાલય (૩) જસ્ટીસ શ્રી એ.કે. શ્રીવાસ્તવ (નિવૃત્ત જજ, દિલ્હી હાઈકોર્ટ) અને (૪) સુપ્રીમ કોર્ટના સિનિયર એડવોકેટ શ્રી કે. એન. ભાટનો સમાવેશ થયેલ હતો. સમિતિના બે સચિવોમાં વન અને પર્યાવરણ મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી વિશ્વનાથ સિન્હા તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના તત્કાલીન સભ્ય સચિવ શ્રી હાર્દિક શાહનો સમાવેશ કરાયો હતો.

આ ઉચ્ચસ્તરીય સમિતિને નીચે મુજબના પર્યાવરણના કાયદાઓનું મૂલ્યાંકન કરીને સુધારા સૂચવવા માટે બે માસની મુદત આપવામાં આવી હતી

1. Environment (Protection) Act, 1986
2. Forest (conservation) Act, 1980
3. Wildlife (protection) Act,1972
4. The water (prevention and control of Pollution) Act 1974
5. The Air (prevention and control of Pollution) Act 1981

ઉપરોક્ત કાયદાઓના અમલીકરણમાં મેળવેલ અનુભવોને લીધે નીચે મુજબના સંદર્ભોના આધારે આ ઉચ્ચ સ્તરીય સમિતિને કામ કરવાનું કહેવાયું હતું :

- ઉપરોક્ત પ્રત્યેક કાયદાની હાલની સ્થિતિએ થઈ રહેલું અમલીકરણ, જુદી-જુદી અદાલતો દ્વારા આપેલા ચુકાદાઓનું અવલોકન કરવું અને કાયદાઓના સંદર્ભ આવેલ ઉચ્ચારણોને ગણતરીમાં લેવાં.
- કાયદાઓના મૂળ ઉદ્દેશોને લક્ષમાં રાખીને પ્રત્યેક કાયદામાં સુધારા સૂચવવા.

- સૂચવેલ ભલામણને પહોંચી વળવા સુધારાઓનો કાચો મુસદ્દો તૈયાર કરવો.

આ કાર્યાલય આદેશ વન, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ મંત્રાલયની વેબસાઇટ પર મૂકવામાં આવ્યો અને એક મહિના સુધીમાં નાગરિકો પાસેથી મંતવ્યો મંગાવ્યાં હતાં. ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ બીજો એક સુધારો રજૂ થયો, જેમાં મંત્રાલયે ઇન્ડિયન ફોરેસ્ટ એક્ટ ૧૯૨૭ નો પણ સમાવેશ કર્યો.

તા. ૨૮ ઓક્ટોબર ૨૦૧૪ના બીજા એક કાર્યાલય આદેશ દ્વારા આ ઉચ્ચસ્તરીય સમિતિની મુદત એક મહિનો વધારવામાં આવી એટલે કે તારીખ ૨૯ ઓક્ટોબર ૨૦૧૪થી તારીખ ૨૮ નવેમ્બર ૨૦૧૪ કરવામાં આવી. આ સમગ્ર પ્રક્રિયામાં નીચે મુજબના પ્રશ્નો ઊભા થાય. છ જેટલા મોટા પર્યાવરણના કાયદાઓ સુધારવાના હોવા છતાં કોઈ જાહેર સૂચના અખબારો કે અન્ય માધ્યમો દ્વારા આપવામાં આવી ન હતી. માત્ર વન પર્યાવરણ તેમજ કલાયમેટ ચેન્જ મંત્રાલયની વેબસાઈટ દ્વારા જ જાહેરાત કરવામાં આવી. વેબસાઈટ પર કેટલાંક મોટાં શહેરોમાં પબ્લિક કન્સલ્ટેશનની વાત પણ કરવામાં આવેલી હતી. અલબત્ત, તેમાં હંગામી તારીખો જણાવેલી, સ્થળ વિશેની જાણકારી ન હતી.

'પર્યાવરણ મિત્ર'એ પત્ર લખીને જાણ કરેલી કે બહોળા પ્રમાણમાં લોકમત ઊભો કરવા માટે વિવિધ અખબારો, ટીવી ચેનલો જેવાં માધ્યમોનો ઉપયોગ કરો. તદુપરાંત, પર્યાવરણ મિત્રએ બીજો પત્ર લખીને મંત્રાલયને જાણ કરી કે હંગામી તારીખો અને શહેરોનાં નામ લોક સંપર્ક બેઠક હેતુ મૂકવામાં આવ્યાં છે. પરંતુ, ચોક્કસ સ્થળ અને સમય બતાવાયો નથી. આ પત્ર પછી પણ મંત્રાલયે સમય/સ્થળ જણાવ્યાં ન હતાં. આમ, 'કુલડીમાં ગોળ ભાંગવામાં' આવ્યો. ઉચ્ચસ્તરીય સમિતિએ તેના અહેવાલમાં સમયની મર્યાદાનું ગાણું ગાયું છે. પરંતુ, અહેવાલ નિયત તારીખ કરતાં વહેલો સુપ્રત કરવવામાં આવ્યો.

અહેવાલ મળતાંની સાથે જ પર્યાવરણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે જાહેર કરી દીધું કે આગામી બજેટ સત્રમાં પર્યાવરણના કાયદાના સુધારા લઈને સંસદમાં રજૂ કરીશું. અહેવાલમાં આપવામાં આવેલ જોગવાઈઓ કે અહેવાલની પૂર્ણતાની સ્વીકૃતિ વગર જ પ્રકાશ જાવડેકરનું આ વિધાન જરૂર સૂચક હતું.

આ અહેવાલ સાયન્સ એન્ડ ટેકનોલોજી, એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ વિભાગની પાર્લામેન્ટરી સ્ટેન્ડિંગ કમિટીને સોંપવામાં આવ્યો. તેના દ્વારા ૧૯ ડિસેમ્બરના રોજ પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો દ્વારા વેબસાઈટ પર જાહેરાત મૂકાઈ કે ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ સુધી લોકોએ પોતાનાં મંતવ્યો સંસદીય સમિતિને આપવાં. દેશભરના પર્યાવરણવાદીઓએ સખત વાંધો લેતાં શ્રી અશ્વિનીકુમાર (સાંસદ)ના નેતૃત્વ હેઠળની આ સ્ટેન્ડિંગ કમિટીએ એનવાયરમેન્ટલ લો મેનેજમેન્ટ એક્ટને નામંજૂર કર્યો.

સરકાર આટલેથી ન અટકતાં 'મેઇક ઇન ઇન્ડિયા', 'મેડ ઇન ઇન્ડિયા'ને સાકાર કરવા ઔધોગિક ગૃહોને પર્યાવરણની મંજૂરી મેળવવામાં કાયદાઓનું કોઈ બંધન આડે ન આવે તેનું જ ધ્યાન રખાયું હોય તેવું લાગે છે. ઝીરો ઇફેક્ટના રૂપાળા સૂત્રની ઓથે પર્યાવરણની 'ઐસી કી તૈસી' કરીને સરકાર દ્વારા પર્યાવરણના કાયદાઓને

હળવા કરી ઉદ્યોગોને લાવીને પર્યાવરણ બગાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જેને માટે EIA નોટિફિકેશનમાં સુધારો લાવવાનું જાહેરનામું તારીખ ૧૦/૦૫/૨૦૧૬ના રોજ વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ કરાયું હતું.

આ નવા મુસદ્દામાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે પર્યાવરણનો ભંગ કરો તો કંઈ વાંધો નહીં. પરંતુ સરકારે એક તજ્જ્ઞ સમિતિ બનાવી છે. તેના કહેવા મુજબ એન્વાયરન્મેન્ટ સપ્લિમેન્ટ પ્લાન તૈયાર કરો એટલે 'બધા ગુના માફ'. મતલબ કે જો કોઈ પ્રકલ્પ દ્વારા પર્યાવરણીય સંમતિ ના લીધી હોય અને ઉદ્યોગ કે કોઈ પ્રકલ્પ ચાલુ કરી દીધો હોય તો તેની મંજૂરી રદ નહીં થાય, તેની સામે કાનૂની કાર્યવાહી નહીં થાય. માત્ર સપ્લિમેન્ટ પ્લાન મંજૂર કરાવી દો. પ્રદૂષણ કરો, પર્યાવરણને નુકસાન કરીને પૈસા ભરી દો એટલે ગુનો માફ !

દેશમાં જ્યારે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ મજબૂત બની છે ત્યારે તેમાંથી મુક્તિ મેળવવા સરકારે આ રસ્તો અપનાવ્યો છે. હાલની સરકારની રચના થયાની શરૂઆતમાં જ છ પર્યાવરણીય કાયદાને એક કાયદામાં રૂપાંતર કરવાની પહેલ કરેલી. પરંતુ, દેશભરમાં થયેલા વિરોધને પગલે સરકારે એન્વાયરન્મેન્ટ લો મેનેજમેન્ટ કાયદાને પડતો મૂકયો હતો. અલબત્ત, તે કાયદાનું એક પ્રતિબિંબ આ મુસદ્દામાં છે.

સાભાર : કાર્ટૂનિસ્ટ સતીશ આચાર્ય

ત્યારબાદ ૧૫ એપ્રિલ, ૨૦૧૯ના રોજ સારથકુમાર નીતિ વિભાગના નિર્દેશક (Director/IA Policy Division)ની સહીથી ઓફિસ મેમોરેન્ડમ દ્વારા EIA નોટિફિકેશન ૨૦૧૯ સરકારી વિભાગોમાં આંતરિક સૂચનો માટે મૂકાયું, જેનું પણ અમલીકરણ ના થયું.

છેવટે, બહુ ચર્ચાસ્પદ બનેલ ડ્રાફ્ટ ઈ.આઈ.એ. ૨૦૨૦ લોકોનાં સૂચનો માટે પ્રસ્તુત છે.

ભારતના વડાપ્રધાનશ્રીએ ૧૫ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ લાલ કિલ્લા પરથી દેશને સંબોધન કરતાં કહ્યું હતું કે, આપણો દેશ કુદરતી સંસાધનોથી સમૃધ્ધ છે. કુદરતી સંસાધનોનો વ્યાપક ઉપયોગ કરીને આપણે દેશનો વિકાસ કરવો છે. ખાસ કરીને ઉત્તર પૂર્વીય રાજ્યોના વિકાસ સંદર્ભે વાત કરી. આ ડ્રાફ્ટ EIA નોટિફિકેશન ૨૦૨૦માં વડાપ્રધાનશ્રીના ભાષણનું અમલીકરણ કરવાનો પ્રયાસ કરાયો છે.

ડ્રાફ્ટ એન્વાયરન્મેન્ટલ ઈમ્પેક્ટ એસેસમેન્ટ નોટિફિકેશન ૨૦૨૦ : ૨૩ માર્ચ, ૨૦૨૦ના રોજ જાહેર કરાયું. પરંતુ, લોકોનાં સૂચન માટે તે ૧૧ એપ્રિલ, ૨૦૨૦ના રોજ વેબસાઈટ પર મૂકવામાં આવ્યું અને ૧૧ જૂન, ૨૦૨૦ સુધીમાં સૂચનો મંગાવવામાં આવ્યાં. આ ગાળામાં સમગ્ર દેશ લોકડાઉન હેઠળ હતો. જેથી સમગ્ર દેશમાંથી વિરોધ થયો કે, આ નોટિફિકેશન પાછું ખેંચી લેવું જોઈએ. અલબત્ત, ભારત સરકારે આ નોટિફિકેશન માટે સૂચનો મંગાવવાની તારીખમાં ૩૦ જૂન, ૨૦૨૦ સુધી વધારો કરી આપ્યો. દરમ્યાન, દિલ્હીની વડી અદાલતે ૧૧ ઓગસ્ટ, ૨૦૨૦ સુધી સૂચનો સ્વીકારવા આદેશ કર્યો.

જો આ ડ્રાફ્ટ નોટિફિકેશનનું અમલીકરણ થશે તો પર્યાવરણને ખૂબ જ મોટું નુકસાન થશે તેમજ કુદરતી સંસાધનો આધારિત જીવતા લોકોની પણ મુશ્કેલીઓ વધી જશે. એટલે ચોમેરથી આ ડ્રાફ્ટ નોટિફિકેશન પાછું ખેંચી લેવાની માંગ ઊઠી છે. ઈ.આઈ.એ. ૨૦૦૬ પ્રમાણે ૮ પ્રકારની કેટેગરી માટે પર્યાવરણીય સંમતિ (એન્વાયરન્મેન્ટ ક્લીયરન્સ) લેવાની હતી. નવા નોટિફિકેશનમાં આ કેટેગરી દૂર કરીને ૪૩ પ્રોજેક્ટ માટે પર્યાવરણીય સંમતિ લેવાનું નક્કી કર્યું છે. પહેલી નજરે એવું લાગે કે, બહુ બધા પ્રકલ્પને પર્યાવરણીય અનુમતિ માટે આવરી લેવામાં આવ્યા છે. હકીકતમાં, કેટેગરી બી-૨ નો ઉમેરો કરીને મહદ્અંશે ઉદ્યોગોને એન્વાયરન્મેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ અહેવાલ અને પર્યાવરણીય અનુમતિમાંથી મુક્તિ આપી દેવામાં આવી છે.

અચરજ એ વાતની છે કે, ડ્રાફ્ટ ઈ.આઈ.એ. ૨૦૨૦ માં બી-૨ કેટેગરીના પ્રકલ્પોને પર્યાવરણીય મંજૂરી લેવાની થાય, જે સામાન્ય રીતે વહીવટીય મંજૂરી છે. પર્યાવરણીય મંજૂરીથી પર્યાવરણનું જતન કરવાને સ્થાને ઉદ્યોગો જલદી કાર્યરત થાય તેવો હેતુ છે. આ ડ્રાફ્ટ નોટિફિકેશનમાં ૪૦ જેટલી પ્રવૃત્તિઓને મુક્તિ મળે છે.

1. જેમાં સોલાર પાવર પ્લાન્ટ્સ, સોલાર થર્મલ પ્લાન્ટ્સ, સોલાર પાર્ક્સ વગેરેને પર્યાવરણીય મંજૂરી લેવાની નથી થતી. દેશમાં વ્યાપક ફરિયાદો ઊઠી છે કે, વિશાળ જમીનમાં પથરાયેલા સોલાર પાર્ક્સથી સામાજિક, આર્થિક અને પર્યાવરણને વ્યાપક નુકસાન થયું છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલમાં પણ આ બાબતના અનેક કેસ નોંધાયા છે.

2. આ ડ્રાફ્ટ નોટિફિકેશન દ્વારા ધંધાદારી પ્રોજેક્ટ ઉત્પાદન ન હોય તેવા રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટને મુક્તિ આપવામાં આવી છે. સવાલ ધંધાદારી ઉત્પાદન હોય કે ન હોય તેનો નથી પરંતુ, પ્રદૂષણની ખરાબ અસરો કેટલી થાય છે તેને આધારે નક્કી કરવાનો છે.
3. દેશમાં મોટી જગ્યામાં અને વિશાળ સંખ્યામાં પથરાયેલા પવન ચક્કી પ્રોજેક્ટ અંગે ડ્રાફ્ટ નોટિફિકેશન ચૂપકીદી સેવે છે. પવનચક્કી પ્રકલ્પોને લીધે સામાજિક અને પર્યાવરણ બાબતે વિપુલ માત્રામાં આર્થિક નુકસાન થવાના બનાવો નોંધાયા છે.
4. આ ડ્રાફ્ટ નોટિફિકેશનમાં એક જ પ્રકારના ઉદ્યોગો જો કોમન ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાના હોય તો આ પ્રકારના CETP ને પર્યાવરણીય સંમતિમાંથી મુક્તિ જાહેર કરી છે. ખરેખર, પર્યાવરણને નુકસાન કરનાર આ પગલું છે.
5. સુરેખ પ્રકલ્પો જેવાકે, નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે વગેરેના ક્ષમતા વર્ધન,વિસ્તરણ કાર્ય (એક્સપાન્શન) માટે પર્યાવરણીય અનુમતિમાંથી મુક્તિ આપવામાં આવી છે.
6. આ ઉપરાંત લાઈન ઓફ એક્ચ્યુલ કંટ્રોલથી ૧૦૦ કિ.મી.ના અંતરે બનનાર રોડ-રેલવેને પણ મુક્તિ આપવામાં આવી છે.
7. આ ઉપરાંત, સંરક્ષણના પ્રકલ્પો તેમજ સરકાર જેને સ્ટ્રેટેજીક પ્રોજેક્ટ તરીકે ઓળખાવે તેવા પ્રકલ્પોને પણ મુક્તિ બક્ષવામાં આવી છે.
8. આ નોટિફિકેશનમાં ૧૦% જેટલી ક્ષમતા વધારતા પ્રકલ્પો હોય તેમને વધારાના ઉત્પાદન માટે પર્યાવરણીય સંમતિમાંથી મુક્તિ આપવામાં આવી છે, જે ખૂબ ગંભીર છે. મોટા કદના પ્રોજેક્ટની ૧૦% ક્ષમતા વધારતા પ્રદૂષણની શક્યતા તેમજ તેની સામાજિક-આર્થિક અસરો તથા પર્યાવરણને થતું નુકસાન પણ નોંધપાત્ર હોવાનું.

આ ડ્રાફ્ટ નોટિફિકેશનમાં પર્યાવરણીય કાયદાઓનો ભંગ કરતા એટલે કે, પર્યાવરણને લક્ષમાં ન લેતા ઉદ્યોગો સામે દંડની જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ, ઉદ્યોગ/પ્રકલ્પ સ્વયંભૂ રીતે સરકારને જાણ કરે કે તેમણે પર્યાવરણના કાયદાનો ભંગ કર્યો છે તો દંડની રકમમાં અને પર્યાવરણ મેનેજમેન્ટ પ્લાન બનાવવામાં મોટી રાહતો જાહેર કરી છે. જેમકે, સ્વયંભૂ જાહેર કરે કે, તેમણે પર્યાવરણીય કાયદાનો ભંગ કર્યો છે તો, દિવસનો માત્ર એક હજારનો દંડ. પરંતુ, સરકાર ભંગ કરતા પકડે તો દિવસનો બે હાજર રૂપિયાનો દંડ.

આના પરથી સ્પષ્ટ ફલિત થાય છે કે, સરકાર ઉદ્યોગોને પર્યાવરણના ભોગે છાવરી રહી છે અને પર્યાવરણીય કાયદાઓનો ભંગ કરવા પ્રોત્સાહન આપી રહી છે. આ બાબત તર્કહીન એટલા માટે છે કે, પર્યાવરણને નુકસાન થાય છે, તે હકીકત છે. પછી તેમાં દંડની રકમ જુદી જુદી કેવી રીતે હોઈ શકે ? સ્વયંભૂ ભંગ કરનાર ઉદ્યોગો પોતે પોતાનો ગુનો સ્વીકારે તો સજા (દંડનીય રકમ) માફ અને પર્યાવરણીય નુકસાની

ભોગવવામાં પણ રાહત ! સમજવા માટે સીધી ભાષામાં વાત કરીએ તો એક ગુનેગાર પોલીસ સ્ટેશનમાં જાતે હાજર થઈને ગુનાનો એકરાર કરે તો દંડ અને સજામાંથી રાહત મળે.

આ ડ્રાફ્ટ નોટિફિકેશનમાં જિલ્લા સ્તરે એન્વાયરન્મેન્ટલ એસેસમેન્ટ કે મેનેજમેન્ટ પ્લાન માટે જિલ્લા કક્ષાએ જમા થયેલા ડિસ્ટ્રીકટ મિનરલ ફંડનો ઉપયોગ કરવા છૂટ આપી છે, જે બરાબર નથી. જેના માટે ફંડ એકત્રિત કરવામાં આવ્યું છે તે જ હેતુ માટે ફંડ વપરાવું જોઈએ. આ ડ્રાફ્ટ નોટિફિકેશન દ્વારા ભંગ કરનાર ઉદ્યોગો પાસેથી બેંક ગેરંટી લેવાનું નક્કી કર્યું છે. પરંતુ, જમા થયેલ બેંક ગેરંટીનો ઉપયોગ શું કરવો તે બાબતે ડ્રાફ્ટ નોટિફિકેશન મૌન છે. બેંક ગેરંટી અને કાયદાનું પાલન ન કરનારા પાસેથી દંડનીય રકમ મેળવવાનો મતલબ એવો થયો કે, આવા ઉદ્યોગોને જ્યુડિશિયલ ટ્રાયલમાંથી બચાવી લેવા અને પર્યાવરણ સુરક્ષા ધારો-૧૯૮૬ ને બુઠ્ઠો કરી દેવો !

પર્યાવરણીય લોક-સુનાવણીના માધ્યમથી લોકોને જે તે પ્રકલ્પો અંગે પોતાના અભિપ્રાયો/સૂચનો/વાંધા રજૂ કરવાની તક મળતી હતી તે મહદ્‌અંશે છીનવી લેવામાં આવી છે. લગભગ ૧૫ જેટલા પ્રકલ્પો નોટિફાઇડ એરિયામાં આવતા હોય ઉપરાંત કેટેગરી-એમાં આવતા હોય છતાં પણ પર્યાવરણીય લોક-સુનાવણીમાંથી મુક્તિ આપી દેવામાં આવી છે.

નેશનલ પાર્ક/સેન્ચુરી/ ઈકોલોજીકલ સેન્સિટિવ એરીયાના વિસ્તારોમાં કોઈપણ પ્રકલ્પ આવતો હોય તો તે પ્રકલ્પોને લોક-સુનાવણીમાંથી મુક્તિ આપવામાં આવી છે. ખરેખર તો પર્યાવરણીય રીતે સંવેદનશીલ પ્રકલ્પો માટે લોકોના વિશેષ અભિપ્રાય લેવા જોઈએ. પર્યાવરણીય લોક-સુનાવણી અંગેની જાહેરાત જે એક મહિના પહેલા કરવામાં આવતી હતી તે મુદત ઘટાડીને ૨૦ દિવસની કરવામાં આવી છે, જેનો મતલબ એ થયો કે, અંતરિયાળ વિસ્તારોમાં લોકોને સમયસર સૂચનાઓ નહિ મળે.

આમ, ડ્રાફ્ટ EIA-૨૦૨૦ દ્વારા ઉદ્યોગોને પર્યાવરણીય કાયદાઓમાંથી રાહત આપી છે, જે પર્યાવરણ તેમજ કુદરતી સંસાધનો પર નભતા લોકોને પારાવાર નુકસાન કરશે.

EIA નોટિફિકેશન-૨૦૦૬માં અત્યાર સુધી ૨૬ જેટલા ઓફિસ મેમોરેન્ડમ અને બાવન વખત સુધારા આવ્યા છે. આ પાંચ મુખ્ય સુધારાઓમાં- (૧) પર્યાવરણીય સંમતિ અંગેની પ્રક્રિયા (૨) પ્રોજેક્ટની કેટેગરીમાં બદલાવ (૩) સમિતિઓમાં બદલાવ (૪) પર્યાવરણીય લોક-સુનાવણીમાં બદલાવ (૫) પર્યાવરણીય સંમતિની મુદતોમાં વધારાનો સમાવેશ થાય છે.

સાભાર : ભૂમિપુત્ર (તા.૦૧-૦૭-૨૦૨૦)

વેબિનાર સીરીઝ "સંવાદ (Talk to Talk)"

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મે માસથી ચાલુ કરાયેલ "સંવાદ (Talk to Talk)" વેબિનાર સીરીઝ જુલાઈ માસમાં પણ તેજ ગતિથી ચાલુ રહી અને ગ્રીન કેટાલિસ્ટ સભ્યો દ્વારા વિવિધ પર્યાવરણીય મુદ્દાઓ અંગે પર્યાવરણીય માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવી. આ પહેલમાં રાહ ફાઉન્ડેશન અને આજીવન શિક્ષણ વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ પણ સહયોગ કરી રહ્યા છે. દર અઠવાડિયે યોજાતી આ સીરીઝ ઓગસ્ટ મહિનાથી દર મહિનાના બીજા અને ચોથા રવિવારે સાંજે 6 વાગ્યે યોજાઈ રહી છે. વિવિધ પર્યાવરણીય દિવસો નિમિતે પણ સંવાદનું આયોજન કરાય છે. અમારા કાર્યક્રમોની નવીનતમ માહિતી માટે ઇનસ્ટાગ્રામ પેજ green_catalyst.pm જોવા અથવા ઈ-મેઈલ લિસ્ટમાં જોડાવા paryavaranmitra502@gmail.com પર ઈ-મેઈલ મોકલવા વિનંતી છે.

"પર્યાવરણીય મુદ્દાઓ પર માસ મીડિયાનો પ્રભાવ" – શ્રી કેતન ત્રિવેદી



૫ જુલાઇ,૨૦૨૦ ના રોજ સંવાદ સીરીઝને આગળ વધારતા "પર્યાવરણીય મુદ્દાઓ પર માસ મીડિયાનો પ્રભાવ" (Impact of Mass Media on Environmental issues) વિષય પર ચિત્રલેખા.કોમના સંપાદક શ્રી કેતન ત્રિવેદી સાથે ગ્રીન કેટાલિસ્ટ સભ્ય સુશ્રી સ્તુતિ મંકોડીએ પ્રશ્નોતરીના માધ્યમથી સંવાદ કર્યો, જેમાં શ્રી કેતન ત્રિવેદીએ પર્યાવરણીય સમસ્યાઓના સંદર્ભમાં લોકો પર મીડિયાના પ્રભાવ વિષે વિગતવાર વાત કરી, મીડીયા કવરેજના ફાયદા અને ગેરફાયદાઓની વાત કરતા તેમણે આ વિષય પર ઉપયોગી માહિતી સહભાગીઓને આપી.

તેમણે કહ્યું કે મીડિયા વિશ્વભરની વર્તમાન ઘટનાઓની માહિતીનો મહત્વપૂર્ણ અને કાર્યક્ષમ સોત રહ્યો છે. આજના વિશ્વમાં,સોશિયલ મીડિયા એ સમાચારોનું એક સોત છે,જેના દ્વારા સમાચારને વિશ્વભરમાં વ્યાપકપણે

ફેલાવી શકાય છે, જે આપણને એક અપડેટ આપે છે અને સમયની જરૂરિયાત મુજબ પગલાં લેવાની જરૂરત વિશે વધુ જાગૃત કરે છે. વધુમાં તેમણે કહ્યું કે મીડિયાની પોતાની કેટલીક ખામીઓ હોઈ શકે જેમ કે, બનાવટી માહિતી પ્રસારિત થવાની શક્યતાઓ. આવી સમસ્યા ઉભી ના થાય તે માટે વધુ સાવધાની રાખવી જોઈએ. આથી જ ઘણી વખત મીડિયા પર્યાવરણ ક્ષેત્રે જાણીતી સંશોધન સંસ્થા પાસેથી માહિતી લે છે અને લોકો સમક્ષ પુરાવાને આધારે તેને મૂકે છે. આજે યુવાવર્ગ પર મીડિયાની સકારાત્મક અસર અંગેના પ્રશ્નમાં તેમણે યુવાનો દ્વારા ટકાઉ પરિવર્તન તરફ સતત પ્રયત્નો કરવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો. શ્રી ત્રિવેદીએ પર્યાવરણીય પત્રકારત્વને આજના યુવાનોની કારકિર્દી તરીકે આગળ વધવા માટેના અગત્યના ક્ષેત્ર તરીકે જણાવ્યું હતું.

ટકાઉ અર્થતંત્ર, જાહેર સ્વાસ્થ્ય અને પર્યાવરણ – પ્રો. રોહિતભાઈ શુક્લ

૧૨ જુલાઇ,૨૦૨૦ ના રોજ વર્તમાન સમયમાં ત્રણ અગત્યના ક્ષેત્રો - ટકાઉ અર્થતંત્ર, જાહેર સ્વાસ્થ અને

પર્યાવરણને જોડતા વિષય Sustainable Economy, Public Health and Environment પર પ્રોફેસર શ્રી રોહીતભાઇ શુક્લાએ પ્રકાશ પડયો હતો. તેમની સાથે પ્રશ્નોત્તરી તથા વાર્તાલાપ કરવાની જવાબદારી ગ્રીન કેટાલિસ્ટ શ્રી સિધ્ધાર્થ પાંડેએ સંભાળી હતી. આ વેબીનારમાં લગભગ ૪૦ જેટલા સહભાગીઓ જોડાયા હતા, જેમાં શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ, પર્યાવરણવિદો, શિક્ષકો અને જાગૃત નાગરિકો સમાવિષ્ટ હતા. આ સંવાદમાં શ્રી રોહિતભાઈએ કોરોનાની અર્થતંત્ર પર અસર, તેમાં સરકારની ભૂમિકા, શિક્ષિત બેરોજગારી, માનવવિકાસ, આત્મનિર્ભર ભારત, ecosystem, PPE કીટ, લોકડાઉન પછી પ્રદૂષણ પર અસર વગેરે બાબતો અંગે ભારપૂર્વક ચર્ચા કરીને માહિતી આપી હતી.

"વૈકલ્પિક ભવિષ્ય – ચાલો સાથે માંડીને ભવિષ્યનું નિર્માણ કરીએ " – શ્રી આશિષ કોઠારી

19 જુલાઇના રોજ સંવાદમાં કલ્પવૃક્ષ, વિકલ્પ સંગમ સહિતની અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા જાણીતા

પર્યાવરણવિદ શ્રી આશિષ કોઠારીએ "ALTERNATIVE FUTURE: Creating another Future Together " વિષય પર ઘણી રસપ્રદ વાતો કરી. ગ્રીન કેટલિસ્ટ શ્રી પ્રતિક પટેલે આ કાર્યક્રમની જવાબદારી સંભાળતા શ્રી આશિષ કોઠારીને તેમના અનુભવો વિષે સહભાગીઓને જણાવવા કહ્યું, આશિષભાઇએ પોતાના વિદ્યાર્થીકાળથી પર્યાવરણીય મુદ્દાઓ અંગેના અનુભવોની વાત કરી. હાલ કોરોનાના કપરા કાળમાં સાધારણ લોકોના અસાધારણ કામ અંગે તેમણે ઉદાહરણો આપીને વાત કરી. "વિકલ્પ સંગમ" નેટવર્કના નેજા હેઠળ આ અંગે તૈયાર કરેલ પુસ્તિકા "વૈશ્વિક મહામારી અને લોકડાઉનની પેલે પાર : 'સાધારણ' લોકોનું અસાધારણ કામ" ગુજરાતી ભાષામાં પણ ઉપલબ્ધ છે. સમુદાયો, નાગરિક સમાજ સંસ્થાઓ અને સરકારી એકમો માટે સહાયક એની શકે એવા ઉદાહરણો, બોધપાઠ અને ભલામણો તેમાં સામેલ છે.

વધુવિગતો માટે આ વેબસાઈટ જોવા વિનંતી છે. (http://vikalpsangam.org/article/Extraordinary-Work-in-Gujarati/#.X0n1kcgzbIU)

ભારતીય પરિપેક્ષ્યમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ – શ્રી અજય જહા

૨૬ જુલાઇ,૨૦૨૦ સોમવારના રોજ Sustainable Development Goals by Indian Perspective વિષય પર ચર્ચા કરવા માટે શ્રી અજય જહા કે, જેઓ PARIVI(Public Advocacy Initiatives for Rights and Values in India)ફાઉન્ડેશન, દિલ્લી ના ડાયરેક્ટર છે તે જોડાયા હતા.તેમની સાથે સંવાદ કરવાની જવાબદારી એલ.ડી. એન્જીનીયરીંગના વિદ્યાર્થી, ગ્રીન કેટાલિસ્ટ શ્રી ઉદય દેસાઈએ સંભાળી હતી.

યુનાઇટેડ નેશન્સ દ્વારા જે ૧૭ Sustainable Development Goals ની ઘોષણા કરવામાં આવી છે તેના આધાર પર ભારતમાં Sustainable Development Goals અંગે કરવામાં આવતી પ્રવૃતિઓ પર વિસ્તૃત ચર્ચા

કરવામાં આવી. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સને ધ્યાનમાં રાખીને પર્યાવરણને નુકસાન ન થાય અને અર્થતંત્રને ટકાવી રાખવા માટે સૌએ સાથે મળીને કામ કરવું જોઈએ એ સંદેશો તેમણે આપ્યો. આ સાથે ભારત તરફથી યુનાઇટેડ નેશન્સમાં નીતિ આયોગના માર્ગદર્શન હેઠળ ૨૦૨૦ માં જે અહેવાલ રજૂ કરવામાં આવ્યો તે અગાઉ કરતા વધુ સચોટ હોવાની નોંધ લેતા આ અંગે ઘણું કરવાનું બાકી હોવાનું તેમણે જણાવ્યું હતું.

"પર્યાવરણ સંરક્ષણમાં આદિવાસી સમાજની ભૂમિકા" - શ્રી માઇકલ મઝગાંવકર

9 ઓગસ્ટ "વિશ્વ આદિવાસી દિવસ" નિમિતે "સંવાદ" વેબિનાર સીરીઝમાં "પર્યાવરણ સંરક્ષણમાં આદિવાસી સમાજની ભૂમિકા" અંગે ચર્ચા થઇ. જેમાં ગ્રીન કેટાલિસ્ટ સભ્ય હેમલ પરમાર દ્વારા આદિવાસી સમાજ માટે લગભગ 30 વર્ષથી કામ કરનાર તજજ્ઞ શ્રી માઇકલ મઝગાંવકર સાથે સંવાદ થયો. દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં નાના ગામમાં રહીને આદિવાસી પ્રણાલીઓ અપનાવીને તેમને સક્ષમ કરતા માઇકલભાઈ સાથે તેમના અનુભવો અંગે વાતચીત કરી.આ વેબિનારમાં જોડાયેલા દર્શકોએ ઉત્સાહભેર પ્રશ્નોતરીમાં ભાગ લીધો. દુનિયાના જે-જે વિસ્તારોમાં આદિવાસીઓ વસે છે તે વિસ્તારો કુદરતી સંપદાથી ભરપુર છે, પર્યાવરણનું સંરક્ષણ તેમની

જીવનશૈલીનો ભાગ છે. વેબિનારમાં આદિવાસી સમાજની ટકાઉ જીવનશૈલી, તેમના પ્રશ્નો અને પર્યાવરણ સંસાધનોના ઉપયોગ સાથે પર્યાવરણનું સંરક્ષણ કેવી રીતે કરવામાં આવે છે તેના પર ભાર પૂર્વક ચર્ચા કરવામાં આવી.

"દોહાઈ રહ્યા છે દ્રવ્યો ધરાના, જાગીએ તેના વિલય પહેલા... LET'S FIGHT TOGETHER"- શ્રી નરેશ ઠાકર

કુદરત અને મનુષ્યના સંબંધ પરિપ્રેક્ષ્યમાં, માનવીની અર્થાત્ આપણી પ્રવૃત્તિઓનો પ્રભાવ આપણી જ જીવનશૈલી પર નિર્ભર છે. આપણા રોજીંદા જીવનમાં સ્વાસ્થ્ય અને સુખાકારી માટે પાણીના વપરાશ કરતાં વ્યય વધુ કરીએ છીએ. ઘરવપરાશના અને ઉદ્યોગજન્ય ગંદાપાણીનો જળસ્રોતોમાં થતા નિકાલથી ઇકોસિસ્ટમને ઘણા ઠેકાણે લૂણો લાગી રહ્યો છે. બાયોલોજીકલ ઇન્ડિકેટર્સ એટલે કે, નરી આંખે પણ જોઇ શકાય તેવા જળચર કેટલાંક જળપ્રવાહોના વિસ્તારોમાંથી મૃતપાય થઇ રહ્યાં છે, અને આવા વિસ્તારોનો વધારો થઇ રહ્યો છે.ભૂર્ગભમાં પ્રદૂષિત પાણી ઠલાવાયું છે. આમ જળસૃષ્ટિ, ઇકોસિસ્ટમનું એક અંગ વ્યાપક સ્તરે પ્રભાવિત થઇ રહ્યું છે. ધંધા-રોજગાર, વાહન-વ્યવહાર, ખાણી-પીણાં, મનોરંજન, પ્રવાસ, નગરોના કોન્ક્રિટ જંગલોના મહાનિર્માણ, રાજસત્તાના ટૂંકા અને લાંબાગાળાના પરિબળો, વગેરે અનેક ક્ષેત્રો મારફતે માનવ જીવનશૈલીને વધુને વધુ આરામદાયક બનાવવાની વ્યાપક માંગથી ઉદ્યોગોનું પ્રભુત્વ હવા, જમીન અને પાણી પ્રદૂષણ ઇકોસિસ્ટમને ભારે પ્રભાવિત કરી રહેલ છે.



"સંવાદ-Talk to Talk" વેબિનાર સીરીઝમાં તા. 23/8/2020 ના રોજ "દોહાઈ રહ્યા છે દ્રવ્યો ધરાના, જાગીએ તેના વિલય પહેલા... LET'S FIGHT TOGETHER" વિષય પર ઓપન ડિસ્કશન ફોરમમાં એન્વાયરોમેન્ટ કોમ્યુનિકેટર શ્રી નરેશભાઈ ઠાકરે સહ્ભાગીઓના પ્રશ્નોના જવાબ આપ્યા. તેઓ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નિવૃત જનસંપર્ક અધિકારી છે અને હાલમાં અનેક પર્યાવરણીય જાગૃતિ કાર્યક્રમો સાથે સંકળાયેલા છે.

GREEN CATALYST

"Nurturing Youth To Protect The Environment"

An Initiative of Paryavaran Mitra

પર્યાવરણીય શ્રેણી (Environment Series)

આ શ્રેણીમાં પર્યાવરણના વિવિધ પાસાઓ અંગે વિશેષજ્ઞ જોડે ઓનલાઇન પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર વાતચીત કરીને એ માહિતી લોકો સુધી પહોચાડવામાં આવી. ઇન્સ્ટાગ્રામ પર આપ ગ્રીન કેટાલિસ્ટ ટીમ સાથે જોડાવા green_catalyst.pm પર ચોક્કસ આવો.

Plastic Free Day નિમિતે શ્રી કૌશલ ગોહિલ સાથે વાર્તાલાપ :

આ શ્રેણીનો ૧૩મો એપિસોડ તારીખ ૩ જુલાઇ, ૨૦૨૦ "વિશ્વ પ્લાસ્ટિક ફ્રી દિવસ" ના રોજ ઇન્સ્ટાગ્રામ લાઈવ પરરજૂ કરવામાં આવ્યો કે, જેમાં સ્વસર્જનના ફાઉન્ડેશનના ફાઉન્ડર અને પ્રેસિડન્ટ શ્રી કૌશલ ગોહિલ વ્યક્તિ વિશેષ તરીકે જોડાયા હતા. આ વેબીનારનું સંચાલન એલ.ડી. એન્જીનીયરીંગના વિદ્યાર્થીની, ગ્રીન કેટાલિસ્ટ ઋચા ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. ચર્ચાની શરૂઆત વ્યક્તિ વિશેષ અને સહ્ભાગીઓના સ્વાગતથી કરવામાં આવી, ત્યારબાદ શ્રી કૌશલ ગોહિલએ પોતાનો વિશેષ પરિચય આપતા પોતાના કાર્ય વિશે સંક્ષેપમાં માહિતી આપી હતી. બાળપણમાં બનેલ ઘટનાની અસરરૂપે તેઓ સમાજકાર્ય સાથે સંકળાયા તે અનુભવ તેમણે સહભાગીઓને વિસ્તૃત રીતે જણાવતા ઉમેર્યું કે આ ઘટનાએ મને ખૂબ પ્રોત્સાહિત કર્યો છે. આ ઘટના તેમના માટે પ્રેરણાદાયક બની અને મોટા થઈને તેમણે ગરીબ બાળકોને મફતમાં શિક્ષણ મળે તેના માટે વિવિધ પ્રયાસો ચાલુ કર્યા. આ સાથે તેઓએ પોતાના પ્લાસ્ટિક ફ્રી અભિયાન વિશે માહિતી આપી અને તેના અંગે કેટલાક આકડાઓ પણ રજૂ કર્યા.

આયુર્વેદ અને વૃક્ષારોપણથી કઈ રીતે નિવસનતંત્રને બચાવી શકાય? - શ્રી દેવાશિષ જાડેજા

૮ જુલાઈ ના રોજ ગ્રીન કેટાલિસ્ટની ઇન્સ્ટાગ્રામ ઉપર ચાલી રહેલ એન્વાયરમેન્ટલ સીરીઝના એપિસોડ ૧૪ માં નેચર્સે એન્વાયરોમેન્ટલ સાયન્સના વિદ્યાર્થીની, ગ્રીન કેટાલિસ્ટ ટીમના પ્રેસિડેન્ટ નિશા પરવીન રાજપૂતે કર્યું હતું.

GREEN CATALYST

"Nurturing Youth To Protect The Environment"

An Initiative of Paryavaran Mitra

આયુર્વેદ અને વૃક્ષારોપણથી કઈ રીતે નિવસનતંત્રને બચાવી શકાય એ વિષય પર ચર્ચા કરવામાં આવી. આ વેબીનારમાં આ વિષયને લગતા વિવિધ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જેમાં નિવસનતંત્ર અને તેના મહત્વની સાથે

આયુર્વેદની અગત્યતા અંગે તથા રોજિંદા જીવનમાં તેના મહત્વ અંગે ચર્ચા ચાલી હતી. શ્રી દેવાશિષ જાડેજાએ ઘણા બધા છોડ-વૃક્ષના ઉદાહરણ આપીને કઈ રીતે તેમને ઔષધિ તરીકે વાપરી શકાય એના વિશે વિસ્તૃત રીતે સમજાવ્યું હતું. તેઓએ આપણા વર્ષો જૂના વેદગ્રંથોની વાત કરી હતી અને ગ્રીન કેટાલિસ્ટ કઈ રીતે લોકોમાં આવા ઉપયોગી વૃક્ષોની રોપણી કરવા માટે જાગૃતિ ફેલાવી શકે એ વિશે સલાહ પણ આપી હતી.

Plastic Free July Month નિમિતે પોસ્ટરો દ્વારા જાગૃતિ ફેલાવાઈ

ગ્રીન કેટાલિસ્ટ ટીમ દ્વારા પ્લાસ્ટિક ફ્રી દિન નિમિતે ડીઝીટલ પોસ્ટર સોશિયલ મીડિયા પર મૂકીને એક જાગૃતિ ઝુંબેશ સમગ્ર જુલાઇ મહિના દરમિયાન કરવામાં આવી હતી. "બ્રેક ફ્રી ફ્રોમ પ્લાસ્ટિક" નેટવર્ક સાથે જોડાઈને પર્યાવરણ મિત્ર દ્વારા જુલાઇ મહિના દરમિયાન પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરવા અંગે જાગૃતિ ફેલાવાઈ હતી.

ગ્રીન રક્ષાબંધન

કોરોના વોરિયર્સને સન્માન : પર્યાવરણમિત્ર દ્વારા ચાલતા ગ્રીન કેટાલિસ્ટ કાર્યક્રમના નેજા હેઠળ રક્ષાબંધનના આગલા દિવસે તારીખ ૦૨-૦૮-૨૦૨૦ ના રોજ "ગ્રીન રક્ષાબંધન" ઉજવવામાં આવી હતી. ગ્રીન કેટાલિસ્ટ જૂથ કે જેમાં અમદાવાદની જુદી જુદી કોલેજોના વિદ્યાર્થીઓ જોડાયેલા છે તેમના દ્વારા સવારે ૧૧:૦૦ વાગે નાયબ પોલીસ કમિશ્નરની કચેરી, નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે કોરોના વોરિયર્સ એવા પોલીસ કર્મીઓને રાખડી બાંધીને પોલીસ કર્મીઓને તેમના કામ માટે બિરદાવામાં આવ્યા. આ રાખડીની ખાસ વિશેષતા એ હતી કે તેમાં પાલક, પપૈયાના બીજ મૂકીને ગ્રીન કેટાલિસ્ટ ટીમ દ્વારા જાતે તૈયાર કરાઈ હતી.

વડના વૃક્ષને રક્ષા બંધાઈ : આ જ દિવસે બપોરે ૦૨:૦૦ વાગે વસ્ત્રાપુર એ.એમ.એ. રોડ પર આવેલા બ્રિજના વસ્ત્રાપુર ગામ તરફના છેડે આવેલ વડના ઝાડને રાખડી બાંધવામાં આવી હતી. આ ઝાડને બે વર્ષ પહેલા રોડના વિકાસના કામ દરમ્યાન કાપી નાખવામાં આવનાર હતું પરંતુ આ ગ્રીન કેટાલિસ્ટ વિદ્યાર્થીઓના જૂથ અને સ્થાનિક લોકોની દરમ્યાનગીરીથી આ ઝાડને બચાવી લેવાયું હતું. તેથી આ યાદગીરીરૂપે તથા વૃક્ષ બચાવવાના અને જાળવણી માટેનો સંદેશો ફેલાવવાના પ્રતિક રૂપે ગ્રીન કેટાલિસ્ટ દ્વારા વડના આ વૃક્ષને રાખડી બાંધવામાં આવી હતી.

કોરોના વોરિયર્સને સન્માન અને પ્લાન્ટેશન કાર્યક્રમ : વેસ્ટ વર્કર્સ કોરોના કાળમાં પોતાની ફરજ નિભાવીને એક ઉદાહરણ પૂરું પડી રહ્યા છે. કચરા વ્યવસ્થાપનમાં તેમની ભૂમિકા પાયાની છે. ગ્રીન કેટાલિસ્ટ ટીમ દ્વારા આ

કોરોના વોરિયર્સને સન્માન આપવા માટે પાલક, પપૈયાના બીજ સાથેની રાખડી તેમને બાંધવામાં આવી અને સાથોસાથ તેમના ઘરની નજીક વૃક્ષો વાવવામાં આવ્યા. જલ્દીથી વૃધ્ધિ પામતા પપૈયાના ઝાડ કચરો એકત્રિત કરતા આ બહાદુરોને પોષણ આપી શકે, તેમના પરિવારોને ઉપયોગી થાય તેવા હેતુથી આવું કરાયું હતું. આ કાર્યક્રમમાં પર્યાવરણમિત્ર સંસ્થાના નિયામક મહેશભાઈ પંડ્યા ઉપરાંત સ્કૂમ શાળાના આચાર્યા અમીબેન દેસાઈ પણ જોડાયા હતા.

મહાત્મા ગાંધીએ ફોન કર્યો મોદીજીને ! શું તમે ખરેખર "આત્મનિર્ભરતા" વિશે વાત કરી રહ્યા છો?

(અશીષ કોઠારીએ એક સ્વપ્નમાં સાંભળેલી વાત - અનુવાદ - જય અંજારિયા)

ગાંધીજી : શું મેં આ સાચું સાંભળ્યું છે ? ૨૪મી એપ્રિલે તમે કહ્યું કે, કોવિડ ૧૯ની આપત્તિમાંથી જે બોધપાઠ આપણે શીખ્યા છીએ તેમાં આપણે આત્મનિર્ભરતા અને સ્વાવલંબન તરફ આગળ વધવાનું છે... અને આ વાત તમે તમારા ૧૨મેના એક ભાષણમાં કહી હતી ?

મોદીજી : હા, ગાંધીજી તમે સાચું જ સાંભળ્યું છે. ૨૪મી એપ્રિલે "રાષ્ટ્રીય પંચાયત દિવસ" પર હું સરપંચોને સંબોધિત કરી રહ્યો હતો અને ૧૨મી મેના રાષ્ટ્રને ! મેં કહ્યું કે, દરેક ગામ, દરેક જિલ્લા અને સમગ્ર દેશ આત્મનિર્ભર હોવો જોઇએ.

ગાંધીજી : આશ્ચર્ય છે ! જ્યારે અમે અંગ્રેજો સામે આઝાદી માટે લડી રહ્યા હતા ત્યારે આત્મનિર્ભરતાનું સ્વપ્ન મેં પણ જોયું હતું. મેં મારા પુસ્તક 'હિંદસ્વરાજ'માં કહ્યું હતું કે, અંગ્રેજોથી આઝાદી મળવાનો કોઇ મતલબ નથી જ્યાં સુધી આપણને વાસ્તવિક સ્વરાજ ન મળી જાય, જ્યાં સ્થાનિક સ્તર પર લોકો શાસનની દોર પોતાના હાથમાં લઇ શકે અને પોતાની જરૂરતોને પૂરી કરી શકે.

મોદીજી : મેં હમેશાં 'હિંદસ્વરાજ'માં આપવામાં આવેલા તમારા સંદેશા પર વિશ્વાસ કર્યો છે ગાંધીજી.

ગાંધીજી : સારું લાગ્યું આ સાંભળીને ! પરંતુ મને એ તો કહો કે આ વિશ્વાસને સમજવા માટે એક વિષાણુંની જરૂર શા માટે પડી ?! દરેક 'ગાંધીજયંતિ'ના દિવસે તમે અને તમારા પૂર્વ પ્રધાનમંત્રી તેમજ તેમની સરકાર એ આદર્શો માટે પોતાની પ્રતિબધ્ધતા દર્શાવતા રહ્યા જેના માટે મેં મારું જીવન સમર્પિત કરી દીધું અને મૃત્યુને ગળે લગાડ્યું. એ પછી પણ આટલા દશકાઓ દરમ્યાન તમને યાદ ન આવ્યું કે આ આદર્શોનો પાયો જ સમુદાયોની આત્મનિર્ભરતા છે ! અને અચાનક આ હલ્લો શા માટે ?!

મોદીજી : નહિં નહિં ગાંધીજી, મારી સરકાર હમેશાં સ્વરાજની પક્ષકાર રહી છે અને તેના માટે જ કાર્યરત છે. આ તો તમારા કોંગ્રેસી અનુયાયીઓ આ રસ્તે ભટકી ગયા હતા. હવે અમે હિન્દુસ્તાનને સાચા માર્ગ પર લાવવાની કોશિષ કરી રહ્યા છીએ.

ગાંધીજી : જાણો છો, આઝાદી બાદ વિકાસ અને પ્રશાસનના જે નમૂનાઓ બતાવવામાં આવ્યા એ સંદર્ભે મને ગંભીર આશંકાઓ હતી અને મેં એ વાત આઝાદી પહેલાં ઓક્ટોબર ૧૯૪૫માં, જવાહરલાલ નહેરૂને પત્રમાં લખીને જણાવી હતી. “વિકાસ" શરૂઆતથી જ એક કોલોનીયલ વિચાર રહ્યો છે, જે બીજા વિશ્વયુધ્ધ (૧૯૩૯-૪૫)ના વિજેતાઓની ઉપજ છે. આધુનિક વિકાસનું મુખ્ય ધ્યાન- મોટા ઉદ્યોગો, માળખાગત સુવિધાઓ અને આર્થિક ગતિવિધિઓના વિકેન્દ્રિકરણ અને વાસ્તવિક રૂપથી પ્રજાતંત્રની વિપરીત દિલ્હીમાં કેન્દ્રિત વ્યવસ્થા છે. (મારા

સાથી કુમાર જે. કુમારપ્પાએ તેને "અર્થવ્યવસ્થાનું સ્થાયીત્વ" કહ્યું છે.) આ છે મારો 'સ્વરાજ'નો સાચો અર્થ ! પરંતુ આપણે પશ્ચિમી દેશોના બતાવેલા માર્ગે ચાલી નીકળ્યા, ભૌતિક અને વ્યાવસાયિક સ્વપ્નોની શોધમાં ! ૧૯૯૧માં જ્યારે વૈશ્વિકરણ અને ઉદારીકરણને અપનાવવામાં આવ્યું ત્યારે હું દુ:ખી થઇ ગયો હતો. જેના કારણે આપણે 'સ્વરાજ'થી દૂર થતા ગયા ! પરંતુ...

(શામજીભાઇ સીજુ, એક નિષ્ણાત વણકર જે ભુજોડીમાં પોતાના વસ્ત્રો વણે છે. ફોટો - અશીષ કોઠારી)

મોદીજી : (ગાંધીજીને રોકતાં) વચ્ચે ટોકવા માટે માફી માંગુ છું ગાંધીજી. હું પણ તો એ જ કહેવા માગું છું કે દશકાઓથી કોંગ્રેસે આપણે સૌને ગુમરાહ કર્યા છે.

કચ્છની કુનરીયા પંચાયત જે વિકાસનું આયોજન જાતે ઘડે છે અને સ્થાનિક જરૂરીયાતોને જાતે જ પુરી પાડવા માટેના પ્રયાસ કરે છે. ફોટો ક્રેડિટ - કુનરીયા પંચાયત

ગાંધીજી : હા, એ ઠીક છે. પરંતુ તેમના અને તમારા નમૂનાઓમાં ફરક શું છે ? ૧૯૪૭ બાદના કેટલાક દશકાઓમાં અર્થવ્યવસ્થા ઉપર સામાજિક અંકુશ રાખવાના પ્રયાસો તો કરવામાં આવ્યા. તેમજ સંવિધાનના ૭૩મા અને ૭૪માં સંશોધનોના આધારે, કેટલાક અંશે, ગામ અને નગર સ્વરાજ તરફ કદમ તો ઉઠાવાયા. સાચી વાત છે કે ૧૯૯૧ બાદ એ બધું હવામાં ઉડી ગયું પરંતુ તેમ છતાં એ સમયમાં કેટલીક સકારાત્મક બાબતો બની હતી જેમ કે, ૨૦૦૦ની શરૂઆતના વર્ષોમાં કેટલાક નવા અને સારા કાયદાઓ ઘડાયા, જેમ કે જાણકારીનો અધિકાર, ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અને વન અધિકાર. પરંતુ ૨૦૧૪ પછી મેં એવું કંઇ પણ નથી જોયું, જેનાથી સ્વરાજ સક્ષમ બની શકે. સાચું પૂછો તો હું એ વાતથી સ્તબ્ધ છું કે, તમે વિદેશી સરકારો અને વિદેશી કંપનીઓ પાસેથી ઉદ્યોગોમાં રોકાણ કરાવવા માટે દુનિયાભરમાં દોડતા રહ્યા છો. અને હા, તેને કંઇક સારૂં નામ પણ આપવામાં આવ્યુ છે... અરે હા, “મેક ઇન ઇન્ડિયા" ! હવે સાંભળવામાં આવી રહ્યું છે કે, કોવિડ આપત્તિની આડશમાં તમે સેંકડો વિદેશી કંપનીઓને અહિં આવવાની લાલચ આપી રહ્યા છો. એ કંપનીઓ હાલમાં ચીનમાં પોતાનો કારોબાર ચલાવી રહી છે. તેમાં કાપડ અને ખાદ્ય ઉદ્યોગો પણ સામેલ છે. આ તો 'આત્મનિર્ભરતા' એટલે કે 'સેલ્ફ રિલાયંસ'ની ખૂબ જ વિચિત્ર પરિભાષા છે. તમે ૨૪મી માર્ચે કહ્યું હતું કે, ક્યારેય વિદેશોના મોઢા નહિં જોવા પડે - તે આત્મનિર્ભરતા સાથે કેવી રીતે સુસંગત છે ? મારા માટે તો અનાજ અને કપડાંનું ઉત્પાદન સમુદાયો દ્વારા થાય એ જ ગ્રામ સ્વરાજનો સૌથી મહત્વનો હિસ્સો છે.

મોદીજી : અ....અ.. એવું છે... ગાંધીજી કે તેમાં કોઇ વિરોધાભાસ નથી. હિન્દુસ્તાનનો પ્રાચિન ઇતિહાસ સાક્ષી છે કે જે પણ અહિં આવ્યા એ હિન્દુસ્તાની બનીને રહી ગયા છે. તેથી જ મારો વિશ્વાસ છે કે જે પણ વિદેશી કંપનીઓ અહિં આવશે એ હિન્દુસ્તાની બની જશે. અને તેથી જ આપણે દ્રઢતા સાથે 'આત્મનિર્ભરતા' એટલે કે 'સેલ્ફ રિલાયંસ' તરફ આગળ કદમ ઉઠાવીશું.

ગાંધીજી : સાચે ?! આ તર્કના આધારે શું કહી શકાય કે ૧૯૯૧માં મનમોહનસિંહ આર્થિક ઉદારીકરણ લાવ્યા તો એ પણ 'સ્વરાજ' તરફ ઉઠાવવામાં આવેલું એક પગલું હતું?

મોદીજી : ના ના, એમની વિચારસરણી તો કંઇક અલગ જ હતી. એમનો રસ માત્ર ઉંચા વિકાસદરમાં જ હતો પછી ભલે એ કોઇપણ ભોગે મેળવી શકાય. અમે વિકાસદર નીચે લાવ્યા છીએ પરંતુ અર્થવ્યવસ્થાની પાયાની બાબતોને અમે સુદ્રઢ કરી છે. હું મારા નાણામંત્રીને જણાવીશ કે એ તમને આનું વિસ્તૃત વિવરણ મોકલી આપે.

ફોટો લાઇન : જૈવિક ખેતી કરીને ખોરાકની બાબતમાં સ્વનિર્ભર બની રહેલા કેડીયા (બિહાર) ના ગામલોકો –

ફોટો - અશીષ કોઠારી

ગાંધીજી : આ તો મને આર્થિક અસમાનતા જેવું લાગે છે. કેમ કે તમારા પક્ષે પણ તો ઉંચા વિકાસદરના વાયદા કર્યા છે; ચલો, છોડો આ વાતને આપણે પરત ફરીએ 'સ્વરાજ' અને 'આત્મનિર્ભરતા' તરફ ! આ માન્યતાઓ પર આપની સમજ શું છે ? તમારા ૨૦૧૯ના ચુંટણી ઘોષણાપત્રમાં 'સ્વરાજ' શિર્ષક અંતર્ગત દાનરૂપમાં અનેક ચીજો રાખવામાં આવી છે; જેમ કે નળ દ્વારા પીવાનું પાણી, આવાસ અને રસ્તાઓ પૂરા પાડવા. મને એવું કંઇ ના દેખાયું જે ગામડાંને પોતાના ભવિષ્યનો નિર્ણય કરવા માટે સશક્ત કરે.

મોદીજી : પરંતુ તેમની પ્રાથમિક જરૂરિયાતો તો અમારે પૂરી પાડવી પડશે ને ?! અને અમે એમને ઇન્ટરનેટની સારી સુવિધા આપી છે, જનધન યોજનાનો લાભ આપ્યો છે અને તેના ફળસ્વરૂપે ઘણા રૂપિયા સુધી એ લોકો પહોંચી શક્યા છે. શું પોતાના ભાગ્યના નિર્માણ માટે એક ગામડાને આટલું મળ્યું હોય એ પૂરતું નથી ?

ગાંધીજી : છે, પરંતુ 'આત્મનિર્ભરતા'ની વ્યાખ્યા જે મેં આપી છે એ કંઇક આવી છે - આત્મનિર્ભર ગામડાનો અર્થ છે કે, પોતાની જરૂરતો જાતે પૂરી પાડવી અને પોતાનું શાસન પોતે ચલાવવું ! ના કોંગ્રેસ, ના ભાજપ કે ના દિલ્હીની ગાદી પર બેઠેલા કોઇ પણ પક્ષે એવું કોઇ પગલું નથી ભર્યું જેનાથી ૭૩ અને ૭૪માં સંવૈધાનિક સંશોધનો અનુસાર પંચાયતો અને શહેરી વોર્ડને યથાર્થ સ્વરૂપમાં વિકેન્દ્રિકરણ થઇ શકે. સાચું પૂછો તો તેમની નાણાકીય અને કાનૂની સત્તાને કમજોર બનાવવામાં આવી છે. રાષ્ટ્રના કહેવાતા 'વિકાસ'ના નામે તમે પૂરી સત્તા પોતાના હાથમાં લઇ રાખી છે જેના માધ્યમે લોકોના જળ, જંગલ, જમીન અને આજીવિકાને આસાનીથી છીનવાઇ શકાય. મને માહિતી મળી છે તમારા પ્રધાનમંત્રી બની રહેવાના બે કાર્યકાળ દરમ્યાન સરકાર દ્વારા જમીનના કબ્જા મેળવવાનું વધી રહ્યું છે. આપનું પર્યાવરણ મંત્રાલય ખાણ, બંધ અને ઉદ્યોગની પ્રત્યેક યોજનાને મંજૂરી આપવામાં ખૂબ જ તત્પરતાથી કામ કરી રહ્યું છે. ૧૯૯૧ બાદની ભારતની દરેક સરકારે વિકાસના નામે ઉપભોક્તાવાદને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું છે. આ તો આત્મનિર્ભરતા માટેનો જે સરળ માપદંડ છે તેનાથી વિપરીત છે, આવી પરિસ્થિતિમાં કેવી રીતે લોકો 'સ્વરાજ'ને પ્રાપ્ત કરી શકે ?!

મોદીજી : ગાંધીજી હું આપના પ્રતિ ઉચિત આદરભાવ રાખું છું. આપ જાણતા જ હશો કે ગામડાના લોકો બાળકો જેવાં હોય છે. સરકારે એમને મદદ કરવી જોઇએ. અને વિકાસ માટે અમારે ઉદ્યોગોને આપવા માટે એમની જમીન લેવી જ પડે. લોકોને રોજગાર મળે, એ લોકો ગરીબીમાંથી ઉગરી શકે, એ માટે બીજું શું કરી શકાય ભલા ?

ગાંધીજી : અરે ભાઇ ! આનાથી આસાન રીત છે સ્થાનિક, શ્રમિકો આધારિત વિકેન્દ્રિત ઉત્પાદન... નહિં કે દુનિયાની મોટી કંપનીઓને લાવવી જોઇએ જે પોતાના દરેક કામ મશીનો પાસે કરાવતી હોય. પરંતુ તમે તો ઉલ્ટાનું હેન્ડલૂમ પર જીએસટી લગાવી દીધું. મને ખબર પડી છે કે આપના પક્ષ દ્વારા શાસિત કેટલાક પ્રદેશોએ શ્રમ કાયદાઓને માળીયે ચડાવી દીધા છે !

મોદીજી : અરે એ તો એ માટે કરવામાં આવ્યું કે મજૂરો અને કારીગરો મહેનત કરે. હશે, એ વાત છોડો, હું તમને એક ગોપનીય વાત કહું. જેટલી વિદેશી કંપનીઓને આપણે આમંત્રિત કરી રહ્યા છીએ, તેમણે હિન્દુસ્તાનમાં

પોતાનું નામ બદલીને હિન્દુસ્તાની નામ રાખવું પડશે. તેથી મને તો ખરેખર 'વેદાન્તા' નામ પસંદ છે, જ્યારે એ એક વિદેશી કંપની છે. કેવું મહાન ભારતીય નામ છે...!

તમિલનાડુના કુથ્મ્બકમ ખાતે નાના પાયે ઉત્પાદનનું કામ કરીને સ્થાનિક આજીવિકા ઉભી કરવામાં આવે છે - ફોટો - અશીષ કોઠારી

મોદીજી : અરે એ તો એ માટે કરવામાં આવ્યું કે મજૂરો અને કારીગરો મહેનત કરે. હશે, એ વાત છોડો, હું તમને એક ગોપનીય વાત કહું. જેટલી વિદેશી કંપનીઓને આપણે આમંત્રિત કરી રહ્યા છીએ, તેમણે હિન્દુસ્તાનમાં પોતાનું નામ બદલીને હિન્દુસ્તાની નામ રાખવું પડશે. તેથી મને તો ખરેખર 'વેદાન્તા' નામ પસંદ છે, જ્યારે એ એક વિદેશી કંપની છે. કેવું મહાન ભારતીય નામ છે...!

ગાંધીજી : અચ્છા, આ એજ કંપની છે ને જે ઓરિસ્સાના ડોંગરીયા કૌંધ આદિવાસીઓના પહાડોમાં ખાણ ખોદવા જઇ રહી હતી ? મેં તો સાંભળ્યું છે કે એ સમુદાય તો આત્મનિર્ભર છે. આનો મતલબ થાય છે કે તમારો ઇરાદો એવો છે કે વધારેને વધારે ગ્રામીણ વિસ્તારોને 'વિકાસ' માટે ખુલ્લા કરવા અને ગ્રામીણ લોકોને આસાન અને સસ્તા શ્રમિકો બનાવી દેવા !

મોદીજી : (ગાંધીજીને વચ્ચે રોકતાં) હા..હા તમે હમેશાં કહ્યું છે કે આપણી અર્થવ્યવસ્થા શ્રમ કેન્દ્રિત હોવી જોઇએ. સમસ્યા એ છે કે ડોંગરીયા કૌંધ જેવા સમુદાયો પ્રકૃતિ પર આધારિત રહીને જીવન નિર્વાહ કરતા હોય છે, તેથી એ જરૂરી છે કે અમે એમને ઉત્પાદક શ્રમિકોમાં પરિવર્તિત કરીએ.

ગાંધીજી : અચ્છા, તો એટલા માટે આપની સરકાર મહામારીની આ સ્થિતિમાં પ્રવાસી-મજૂરોની ઘરવાપસી તમે આટલી કઠિન બનાવી છે; જેના દ્વારા એ લોકો ઉદ્યોગપતિઓ અને ઠેકેદારોની દયા પર આશ્રિત રહે. શ્રમ પ્રતિષ્ઠાથી મારો આવો મતલબ તો હતો જ નહિં.

મોદીજી : આ શહેરી નક્સલી લોકો તમને ખોટી ગોળી પાઇ રહ્યા છે. એ લોકો સત્ય નથી બોલતા અને તેથી જ અમારે તેમને સજા કરવી પડે છે. તમારા ચિંધ્યા પવિત્ર માર્ગ પર એ દેવી જ પડે છે. એ લોકો સત્યથી દૂર થઇ ગયા છે ગાંધીજી ! અમે છીએ સાચા સત્યાગ્રહી...

ગાંધીજી : ના...ના... - જો મને મારા જમાનાના અંગ્રેજોની બેમોઢાંની વાતો સાંભળવાનો અનુભવ ના હોત તો તમારી આ ભયાનક પરિભાષા સાંભળીએ મારી બોલતી બંધ થઇ જાત. સત્તાના રાજમાં સત્ય બોલવા પર અંગ્રેજોએ મને આતંકવાદી જાહેર કરી દીધો અને તમે પણ... જે લોકો તમારાથી અસહમત છે તેમની સાથે તમે પણ એવું જ વર્તન કરો છો. તમે રાષ્ટ્રદોહના એજ સત્તાધારી કાયદા હેઠળ તેમના પર આરોપ લગાવો છો જેના હેઠળ મને સજા આપવામાં આવી હતી. જ્યારે પણ સરકાર જનવિરોધી પગલાં ભરે છે ત્યારે જનતાને તેનો વિરોધ કરવાનો અધિકાર છે. તેમને "સવિનય અવજ્ઞા આંદોલન" એટલે જે "સત્યાગ્રહ" કરવો જ પડે છે. તમે જાણો છો, મેં 'સ્વરાજ'ની અન્ય કેટલીયે પધ્ધતિઓથી વ્યાખ્યા કરી છે ? મારી પત્રિકા 'યંગ ઇન્ડિયા'માં મેં લખ્યું હતું, "જો સત્તાની દોર મુઠ્ઠીભર લોકોના હાથમાં આવી જાય તો તેને 'સ્વરાજ' નહિં કહેવામાં આવે. "સ્વરાજ" ત્યારે આવશે જ્યારે લોકો એટલા સક્ષમ બની જાય કે સત્તાના દુરૂપયોગનો વિરોધ કરી શકે".

(મોદીજી કંઇ નથી બોલતા)

ગાંધીજી : મોદીજી ...?

મોદીજી : માફ કરજો ગાંધીજી, ફોનમાં ખૂબ જ ખરર૨ ખરર૨ થઇ રહ્યું છે, હું તમને સાંભળી ના શક્યો...

ગાંધીજી : કોઇ વાંધો નહિં. ટૂંકમાં એક વાત કહું... જે હું પહેલાં કહી ચૂક્યો છું - 'જે સાંભળી નથી શકતા તેમને સંભળાવી શકાય છે, પણ જે ન સાંભળવાનો ઢોંગ કરતા હોય તેમને સંભળાવી નથી શકાતું. સારું છોડો એક અન્ય મુદ્દા પર આવીએ. આપણી સભ્યતાનો આધાર છે પ્રકૃતિ અને પર્યાવરણ સાથે આપણો અતૂટ સંબંધ ! આ આખું ઔદ્યોગીકરણ તેનો નાશ નથી કરતું ?! મને કહેવામાં આવ્યું છે કે આપ કટ્ટર હિંદુ છો. તમે જાણતા હશો કે આપણા શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે પ્રકૃતિ અને અન્ય જીવોનો આપણે આદર કરીએ.

મોદીજી : તમે તદ્દન સત્ય કહી રહ્યા છો ગાંધીજી. એ જ તો આપણા "વસુધૈવ કુટુંમ્બકમ"ની વ્યાખ્યા છે. અમે તો પ્રકૃતિને સમૃધ્ધ કરીએ છીએ. જો અમે એક હેક્ટર જમીનમાંથી વૃક્ષો કાપીએ છીએ તો તેનાથી બમણી સંખ્યામાં વૃક્ષો રોપીએ છીએ.

ગાંધીજી : જે જંગલો હજારો વર્ષમાં વધ્યાં છે પણ તેને કાપવાની ભરપાઇ કેમ થશે ? હજારો વર્ષમાં વધ્યાં છે પણ તેને કાપવાની ભરપાઇ કેમ થશે ?

મોદીજી : હું નથી જાણતો - તમને આવી સલાહ કોણ આપે છે ગાંધીજી ?! સત્ય કંઇક અલગ છે. સેંકડો પ્રકારના અનેક વૃક્ષો યુકત જંગલની સરખામણીમાં ૨-૩ સારી પ્રજાતિના વૃક્ષોનું વૃક્ષારોપણ કરવું જોઇએ અને એવું કહેવામાં આવે છે કે આ પ્રકારના વૃક્ષો જંગલની હવામાંથી ખૂબ જ સારી રીતે કાર્બન ડાયોક્સાઇડ શોષી લે છે.

અને મનુષ્યોમાં પણ એવું જ હોવું જોઇએ. મને ખબર નથી કે જલવાયુ પરિવર્તનના વિષયથી તમે કેટલા માહિતગાર છો, પણ આ મુદ્દાઓ તમારા સમય પછી સામે આવ્યા છે.

ગાંધીજી : અરે હું બધું જ જાણું છું. સાથે એ પણ કે કેવી રીતે તમે ચેમ્પિયન ઓફ ધી અર્થ એવોર્ડ મેળવ્યો ! હું એ બાબત પર સ્તબ્ધ છું, કેમ કે તમારી સરકારે તો પર્યાવરણ સાથે જોડાયેલા કાયદાઓને કમજોર કર્યા છે. અચ્છા, ગ્રામસ્વરાજની થોડી વધુ વાતો કરી લઇએ, તમારી મોટી-મોટી યોજનાઓ અનેકવાર ગ્રામીણો, આદિવાસીઓ અને શહેરી ગરીબોની જમીન અને પ્રાકૃતિક સંસાધનોને હડપી લે છે, અને તેમના પાસેથી ના પાડવાનો અધિકાર પણ છીનવી લે છે, તો એ કેવો 'સ્વરાજ' છે ?! ત્યાં સુધી કે તેમને કંઇ પણ પૂછવા કે સંપર્ક કરવાનો અધિકાર અથવા સામાજિક સુનાવણીઓના હિસ્સા બનવાની પ્રક્રિયાને અનેક પ્રકલ્પોમાંથી સમાપ્ત કરી દીધી છે. સાંભળ્યું છે કે તમે આ કોવિડ ૧૯ની આપત્તિ વચ્ચે આવી અનેક યોજનાઓને મંજૂરી આપી દીધી છે. જ્યારે એકદમ તાળાબંધીના કારણે લોકો એકઠા થઇને વિરોધ પણ નથી કરી શકતા.

મોદીજી : જુઓ ગાંધીજી, મેં તમને પહેલાં પણ કહ્યું હતું કે મારી જનતા બાળકો સમાન છે. અનેકવાર એમને પોતાને ખબર નથી હોતી કે એ પોતે શું ઇચ્છે છે. એટલે જ એમને મારા જેવા સખત માતાપિતાની જરૂર છે.

ગાંધીજી : અચ્છા, હવે સમજમાં આવ્યું કે, આત્મનિર્ભરતાનો અર્થ છે તમારા ઉપર નિર્ભર બનવું !

મોદીજી : આ સાચું છે.

ત્રીજો અવાજ આવે છે : નરેન્દ્ર, ભૂલતા નહિં, હું પણ આ વાતચીત સાંભળું છું.

ગાંધીજી : મોદીજી આ કોણ છે?! મને નહોતી ખબર કે કોઇ અન્ય વ્યક્તિ પણ આપણી વાત સાંભળે છે.

મોદીજી : કોઇ ચિંતા નહિં ગાંધીજી ! આ કહાનીના "નિર્ભર" એટલે કે " રિલાયંસ " પણ એક પાત્ર છે !
ગાંધીજી : હે રામ...!

(શ્રી અશીષ કોઠારી કલ્પવૃક્ષ પર્યાવરણ સમૂહના સંસ્થાપક સદસ્યોમાંથી એક છે. તેઓ ઇન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક એડમીનીસ્ટ્રેશનમાં ભણાવી ચૂકયા છે. તેમણે કેટલાય આંદોલનમાં ભાગીદારી નોંધાવી છે. વર્તમાનમાં તેઓ 'વિકલ્પ સંગમ'નું સંચાલન કરી રહ્યા છે. તેમણે અંદાજે ૩૦ પુસ્તકોનું લેખન અને સંપાદન કર્યું છે અને એમના ૩૦૦થી વધુ લેખો પ્રકાશિત થયા છે.)

અહીં વ્યક્ત થયેલા વિચારો સંપૂર્ણ રીતે વ્યક્તિગત છે. અંગ્રેજી ભાષામાં મૂળ લેખ ૨૮મી મે, ૨૦૨૦ના પ્રકાશિત થયો હતો જેની લીન્ક આ સાથે સાંકળી રહ્યા છીએ.https://thebastion.co.in/ideas/mahatma-gandhi-calls-pm-modi-did-you-really-mean-self-reliance/

ગુજરાત વિદ્યાપીઠની “માનવેતર સજીવસૃષ્ટિ”

18 ઓક્ટોબર ૧૯૨૦માં પૂજ્ય મહાત्मા ગાંધીએ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. સ્થાપના સમયે છેવાડાનો ગણાતો વિસ્તાર આજે અમદાવાદનો મધ્ય વિસ્તાર બની ગયેલ છે. ગાંધીજી દીર્ઘદ્રષ્ટા, પ્રકૃતિ અને ખૂબ પર્યાવરણ પ્રેમી હતા. તેમણે ઊંડી સમજદારી સાથે જગ્યાની પસંદગી કરી હતી. ઐતિહાસિક રીતે ગુજરાત વિદ્યાપીઠ સ્થાપના કાળથી લોકોનું માનીતું સ્થળ રહ્યું છે. અહીં આજે પણ દેશ અને દુનિયા માંથી ઘણા મુલાકાતીઓ આવે છે. આવી ઐતહાસિક, દેશની વિરાસત સમી આ સંસ્થાની સ્થાપનાને આ વર્ષે સો વર્ષ થઇ રહ્યા છે તે આપણા માટે આનંદ અને ગૌરવની બાબત છે.



ગુજરાત વિદ્યાપીઠ આજે તેની સ્થાપનાના સો વર્ષ પછી પણ તેનું મૂળ તત્વ અને સત્વ જાળવી રાખ્યું છે ગુજરાત વિદ્યાપીઠની અનેક વિષેશતાઓ પૈકીની મહત્વની એક વિશેષતા તેના પર્યાવરણની પણ છે. આજે શહેરો કોન્ક્રીટના જંગલોમાં ફેરવાઇ રહેલા છે ત્યારે ગુજરાત વિદ્યાપીઠે તેનું પર્યાવરણ જાળવી રાખ્યું છે. દરવાજાની અંદર પ્રવેશતાવેત એક જુદી દુનિયાનો પરિચય થાય. જાણે, એક અલાયદું સ્થળ હોય એવું લાગે. અરે, કાળઝાળ ગરમી વચ્ચે પણ તમને ઠંડકનો અનુભવ થાય, કેટલાયે પક્ષીઓ અને પ્રાણીઓ તમને આ કેમ્પસમાં જોવા મળે, મોર અને કોયલના સુંદર ટહુકાઓ અહીં આપણને સાંભળવા મળે, વાંદરાઓની મસ્તી અહીં માણવા મળે, સાપ અને નોળિયા પણ જોવા મળે. ગુજરાત વિદ્યાપીઠની ઇકોફ્રેન્ડલી કેન્ટીનમાં જો તમે બેઠા હોય ને ખિસકોલી તમારી થાળીમાંથી ખાદ્યસામગ્રી લઈ જાય તો નવાઈ નહીં..... આવા કેટલાયે પક્ષીઓ અને

પ્રાણીઓનો પરિચય પ્રકૃતિપ્રેમી આલાપ ભ્રહ્મભટ્ટે તેમના ગુજરાત વિદ્યાપીઠની “માનવેતર સજીવસૃષ્ટિ” પુસ્તકમાં આલેખી છે

આલાપ વિનોદભાઈ બ્રહ્મભટ્ટ ગુજરાત વિદ્યાપીઠના દ્રશ્ય-શ્રાવ્ય વિભાગમાં વિભાગીય વડા તરીકે છેલ્લા 14 વર્ષથી કામ કરે છે. છેલ્લા અઢી દાયકાથી તેઓ વન્યજીવોની ફોટોગ્રાફી અને વન્યજીવ સૃષ્ટિના સંરક્ષણનું કામ કરે છે. રાજ્ય સરકાર દ્વારા તેમને વર્ષ ૨૦૧૪-૧૫ નો વન્ય જીવોની ફોટોગ્રાફીનો એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા આદિવાસી સંસ્કૃતિ ઉપર તેમના બે પુસ્તકો પ્રકાશિત થયેલ છે તેઓ હાલમાં ‘ગુજરાતના અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનના સંરક્ષણમાં ગુજરાતી અખબારો અને દૂરદર્શનની ભૂમિકા’ વિષય ઉપર પી.એચડી. કરી રહ્યા છે. ગૂજરાત વિદ્યાપીઠની “માનવેતર સજીવ સૃષ્ટિ” પુસ્તકમાં તેમણે ગુજરાત વિદ્યાપીઠના પર્યાવરણ નો પરિચય કરાવ્યો છે.

ગુજરાત વિદ્યાપીઠની “માનવેતર સજીવસૃષ્ટિ” પુસ્તકનું મુખપૃષ્ઠ ખુબ સુંદર છે. મુખપૃષ્ઠ જોતા જ શેના વિશેનું પુસ્તક છે તે કહેવાની જરૂર નથી. મુખપૃષ્ઠ જાતે જ પુસ્તકનો પરિચય કરાવે છે. કુલ ૨૦ પાનાના પુસ્તકમાં ગુજરાત વિદ્યાપીઠની વિવિધ પર્યાવરણીય બાબતોનો વૈજ્ઞાનિક રીતે પરિચય કરાવ્યો છે. આ પુસ્તકમાં વિવિધ પ્રકારના પ્રાણીઓ, પક્ષીઓ, જીવજંતુઓ, ફૂગ અને વિવિધ વનસ્પતિઓનો પરિચય થાય છે. પર્યાવરણ એ થોડો અઘરો અને અટપટો વિષય છે. ક્યારેક કેટલાક ટેકનિકલ અથવા વિજ્ઞાનના શબ્દોની સમજણ ન પડે તેવું પણ બને. આ માટે લેખકે પુસ્તકના અંતમાં પારિભાષિક શબ્દોની સમજ આપેલ છે. ડૉ. સુદર્શન આયંગર અને ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીએ પુસ્તક અંગે સુંદર નિવેદન આપેલ છે. પુસ્તકની ભાષા હિન્દી અને અંગ્રેજી છે. પુસ્તકની કિંમત પંદરસો રૂપિયા છે. પર્યાવરણ લક્ષી બાબતોથી લોકો પરિચિત થાય તેવા ઉમદા હેતુથી ગુજરાત વિદ્યાપીઠના શતાબ્દી વર્ષ નિમિત્તે આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી છે.

ગુજરાત વિદ્યાપીઠના પર્યાવરણનો પરિચય કરાવતા “માનવેતર સજીવ સૃષ્ટિ” પુસ્તક માટે આલાપ બ્રહ્મભટ્ટે આકરી મહેનત કરી છે. સમાજ ઉપયોગી સુંદર લેખન માટે આલાપ બ્રહ્મભટ્ટને અને પ્રકાશન માટે ગુજરાત વિદ્યાપીઠને ખૂબ ખૂબ અભિનંદન

ડૉ. વિપિન મકવાણા

મૌસમ પરિવર્તન અને આપણે

ફાલ્ગુની જોષી

વિશ્વના દેશો કલાયમેટ ચેઈન્જના મુદ્દે યુનાઇટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન કલાયમેટ ચેઈન્જ(UNFCCC)ના નેજા હેઠળ સયુંકત પ્રયાસો કરી રહ્યા છે. ડબ્લ્યુએમઓ (The World Meteorological Organization) સંયુક્ત રાષ્ટ્ર (યુએન) ની એક વિશેષ એજન્સી છે જેમાં 193 સભ્ય રાજ્યો છે. તે પૃથ્વીના વાતાવરણની સ્થિતિ અને વર્તન, જમીન અને મહાસાગરો સાથેની તેની ક્રિયાપ્રતિક્રિયા, હવામાન અને આબોહવા જે તે ઉત્પન્ન કરે છે તે વિષય અંગે યુએન સિસ્ટમનો અધિકૃત અવાજ છે. તારીખ અઢાર ઓગસ્ટના રોજ The World Meteorological Organization એ જણાવ્યું કે તે અમેરિકાના કેલીફોર્નિયાના એક વિસ્તાર “ડેથ વેલી” માં 54.4 ડિગ્રી સેન્ટીગ્રેડ તાપમાન નોંધાયું તે અંગે જલ્દીથી તપાસ કરીને જણાવશે.

આ વધી રહેલું તાપમાન એ વિશ્વ પર કલાયમેટ ચેઈન્જની એક અસર છે, પેરિસ કરારમાં સહભાગી થઈને દુનિયાના દેશો આ સમસ્યાને નાથવાના પ્રયાસો કરી રહ્યા છે. કોરોનાને કારણે યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન કલાયમેટ ચેઇન્જના નેજા હેઠળ થતી વાર્ષિક વાટાઘાટો એક વર્ષ પાછળ ગઈ છે ત્યારે પેરિસ કરાર હેઠળના અનેક નિર્ણયો પણ પાછળ ગયા છે, એક અનિશ્ચિતતાની સ્થિતિ ઉભી થઇ છે.

કોવીડની અસરો સામે લડવા સરકારો પ્રયાસો કરી રહી છે, અર્થતંત્રને બેઠું કરવા અને જાહેર આરોગ્યને રક્ષવા થઇ રહેલા પ્રયત્નોની અસરો વૈશ્વિક કલાયમેટ એક્શન પર ચોક્કસ થશે.

આરોગ્યને રક્ષવા માસ્ક, PPE કીટ, સેનેટાઈઝરનો ઉપયોગ અનિવાર્ય બન્યો છે. આનાથી પ્લાસ્ટિક વેસ્ટ વધશે અને કેમિકલનો વધુ ઉપયોગ બીજા પ્રશ્નો ઉભા કરશે. આ પ્રશ્નો માટે લાંબા ગાળાનું આયોજન વિચારવું જરૂરી છે એવું આપણે માર્ચ મહિનાથી સાંભળતા આવ્યા છીએ. એ વાત માનવી જ પડે કે લોકોમાં પર્યાવરણીય જાગૃતિ વધી છે, લોકો પાસે વિકલ્પ ના હોવાથી કે વિકલ્પ મોંઘો હોવાથી પર્યાવરણને હાનિ થાય તેવો વિકલ્પ અપનાવવો પડે છે. રાજકીય ઈચ્છા શક્તિ અને ટ્રાન્સપરન્ટ ગવર્નન્સ ઉપરાંત લોકોની સહભાગિતા એ પર્યાવરણીય બાબતો માટે ખૂબ અગત્યના મુદ્દા બની જાય છે.

સયુંકત રાષ્ટ્રસંઘના સચિવે ઓગસ્ટના અંતભાગમાં દિલ્હી સ્થિત TERI સંસ્થાના એક કાર્યક્રમમાં સંબોધન કરતા રાષ્ટ્રોને આ મહામારીમાંથી સારી રીતે ઉગરવા માટેના પ્રયાસોમાં નીચેના 6 કલાયમેટ પોઝીટીવ મુદ્દાઓને ધ્યાનમાં લેવા અપીલ કરી છે.

1. Invest in green jobs

2. Do not bail out polluting industries
3. End fossil-fuel subsidies
4. Take climate risks into account in all financial and policy decisions
5. Work together
6. Most important, leave no one behind

આ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ભારતની સ્થિતિ જોઈએ તો, દેશમાં પુન:પ્રાપ્ય ઉર્જાક્ષેત્રો વધી રહ્યા છે, સૂર્યઉર્જા અને પવનઉર્જાના પ્રકલ્પોમાં રોકાણ વધી રહ્યું છે. આ ક્ષેત્રોમાં રોજગારીની તકો વધે એ સારી બાબત ગણાવી શકાય. આ પ્રકલ્પોમાં વપરાતી સાધનસામગ્રીના ઉત્પાદનક્ષેત્રો પણ રોજગારીનું સર્જન કરી શકે. બહારના દેશોમાંથી આવતી સોલાર પેનલની જગ્યાએ આત્મનિર્ભર બનવાથી રોજગારીની તકો વધી શકે. થોડા સમયગાળા બાદ આ પુન:પ્રાપ્ય ઉર્જાના પ્રોજેક્ટમાં વપરાતી સામગ્રી જેમકે, ફોટોવોલ્ટીક પેનલ જે સ્વચ્છ ઉર્જા ઉત્પાદિત કરે છે પણ તેનું રીસાયકલીંગ એક પ્રશ્ન છે,અમુક વર્ષો બાદ આ પ્રકારના ઈલેક્ટ્રોનિક કચરાના રીસાયકલીંગ અને વ્યવસ્થાપનનો પ્રશ્ન મોટો બનશે. આ ક્ષેત્રમાં અત્યારથી જ આયોજન કરવાની જરૂરત છે. ઇન્ટરનેશનલ રીન્યુએબલ એનર્જી એજન્સીના અંદાજ અનુસાર વર્ષ 2050 સુધી 78 મિલિયન મેટ્રિક ટન સોલાર પેનલનું આયુષ્ય પૂરું થતા વિશ્વમાં વાર્ષિક 6 મિલિયન મેટ્રિક ટન સોલાર ઈ-વેસ્ટ ઉત્પન્ન થશે. આના વ્યવસ્થાપન માટેના નવીન રસ્તાઓ અત્યારથી શોધવા જેવા રોજગારને મહત્વ અપાવું જોઈએ.
પ્રદૂષણ ઓકતા ઉદ્યોગો સામે આંખ આડા કાન ન કરો

કોવિડ સામે અર્થતંત્રને બેઠું કરવા સરકાર ઉદ્યોગોને ઘણી છૂટછાટ આપી રહી છે, એક ઉદાહરણ જોઈએ તો, નોવેલ કોરોનાવાયરસ (કોવિડ-19)ના વૈશ્વિક રોગચાળાથી ઊભી થયેલી અભૂતપૂર્વ સ્થિતિનો સામનો કરવા અને વિવિધ દવાઓની ઉપલબ્ધતા વધારવા કે એનું ઉત્પાદન વધારવા મીનીસ્ટ્રી ઓફ એન્વાયરોન્મેન્ટ, ફોરેસ્ટ એન્ડ કલાયમેટ ચેઈન્જ દ્વારા 27 માર્ચ, 2020નાં રોજ ઇઆઇએ અધિસૂચના, 2006માં સુધારા કરવામાં આવ્યા અને વિવિધ બિમારીઓની સારવાર માટે ઉત્પાદન થતી બલ્ક ડ્રગ્સ અને ઇન્ટરમીડિયેટના સંબંધમાં કાર્યરત તમામ પ્રોજેક્ટ કે એક્ટિવિટીને હાલની કેટેગરી 'A'ને 'B2' કેટેગરીમાં પુનઃવર્ગીકૃત કરવામાં આવી. કેટેગરી B2 અંતર્ગત આવતા તમામ પ્રોજેક્ટને બેઝ લાઇન ડેટાના કલેક્શન, ઇઆઇએ, અભ્યાસો અને સરકારી સલાહની જરૂરિયાતમાંથી મુક્તિ આપવામાં આવી, જેથી પ્રક્રિયા ઝડપી બને. સરકારનું આ પગલું ટૂંકા ગાળાની અંદર દેશમાં મહત્વપૂર્ણ દવાઓ/ડ્રગ્સની ઉપલબ્ધતા વધારવાને ધ્યાનમાં રાખીને લેવાયું હતું અને આ સુધારો 30 સપ્ટેમ્બર, 2020 સુધી પ્રાપ્ત થયેલ તમામ દરખાસ્તને લાગુ પડશે.રાજ્યોને આ પ્રકારની દરખાસ્તો પર ઝડપથી પ્રક્રિયા કરવા સૂચના જાહેર થઈ. દવાઓની ઉપલબ્ધતા વધારવા આ જરૂરી પગલું હશે પણ આની આડકતરી અસરો પર્યાવરણ માટે નકારાત્મક પણ સાબિત થઇ શકે.

પ્રદૂષણથી થતા મૃત્યુ મહામારીથી થતા મૃત્યુથી પણ વધુ હશે પણ આપણી પાસે હાલમાં ભારતના સંદર્ભમાં કોઈ ચોક્કસ સંશોધનાત્મક માહિતી ઉપલબ્ધ નથી, અમેરિકાના સંશોધનકારોએ શોધી કાઢ્યું છે કે વધુ માત્રામાં હવા પ્રદૂષણ હોય એ વિસ્તારમાં રહેતા લોકોને કોરોના કરતા વધુ ખતરો પ્રદૂષિત હવાથી છે.

પ્રદૂષણથી આરોગ્ય પર થતી અસર અંગેની ઉપલબ્ધ માહિતી પણ આપણને ડરાવી રહી છે. આ સંજોગોમાં પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગોને જરાય છૂટછાટ આપવી જોઈએ નહિ. પ્રદૂષણને નાથવા માટે તાત્કાલિક પગલા ભરાવવા એક દબાણ ઉભું કરવું જોઈએ.

અશ્મિભૂત ઇંધણને અપાતી સબસિડી અટકાવો

ભારતમાં એક તરફ પુન:પ્રાપ્ય ઉર્જાના પ્રકલ્પો વધી રહ્યા છે બીજી તરફ આ સ્થિતિમાં કેટલાય 'કોલ બ્લોકસ' ની હરાજી થઇ. ભારત માટે ઉર્જા ઉત્પાદન ખૂબ અગત્યનું છે પણ કોઈ પણ હિસાબે કોલસાથી ચાલતા વીજમથકો પરની આધારિતતા ઘટાડવી પડશે. આ વીજમથકોને અપાતી સબસીડી અટકાવવી પડશે. દુનિયાભરના મોટા રોકાણકારો આ ક્ષેત્રથી અળગા થઇ રહ્યા છે. અમેરિકાના સંશોધનકારોના અભ્યાસ પ્રમાણે જો અશ્મિભૂત ઇંધણના ઉત્સર્જનને દૂર કરવામાં આવે તો વિશ્વમાં દર વર્ષે 5.5 મિલિયન મૃત્યુને ટાળી શકાય, વ્યક્તિના એકંદર આયુષ્યમાં 20 મહિનાનો વધારો થઇ શકે.

ભારતની વાત કરીએ તો, વીજ માંગ પૂરી કરવા અશ્મિભૂત ઇંધણમાં રોકાણ કરવું એ પ્રદૂષણને કારણે આરોગ્ય પર નકારાત્મક અસર કહી શકાય. રીન્યુએબલ એનર્જીના પ્રોજેક્ટ અર્થતંત્રની દ્રષ્ટિએ પણ યોગ્ય સાબિત થઇ રહ્યા છે ત્યારે કોલસાથી ચાલતા વીજ ઉત્પાદન મથકોમાં વધુ રોકાણ કરવું જોઈએ નહી. ભારતના નેતાઓ વિશ્વસ્તરે કલાયમેટ એક્શન માટે ઘણું બોલી ચૂક્યા છે. હવે સમય છે એ માટેનું ઉદાહરણ પૂરું પાડવાનો.

તમામ નાણાકીય અને નીતિપૂર્ણ નિર્ણયોમાં આબોહવાનાં જોખમોને ધ્યાનમાં લો

ભારત સરકારના ઉર્જા મંત્રીના દાવા અનુસાર વર્ષ 2030 સુધીમાં ભારતની રીન્યુએબલ એનર્જી ઉત્પાદન ક્ષમતા 510 ગીગાવોટ સુધી પહોંચી જશે. આ પ્રયાસ સાથે તમામ નીતિપૂર્ણ નિયમોમાં કલાયમેટ ચેઈન્જથી ઉભા થનારા જોખમોને ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે. પર્યાવરણીય નિર્ણયો અંગે આમ થવું અતિ જરૂરી છે.

ભારત સરકારે મહામારીના સમયે ડ્રાફ્ટ EIA નોટીફીકેશન લોકોના સૂચનો માટે જાહેર કર્યું, જેની સામે ખૂબ વિરોધ થયો, લોકોને પર્યાવરણીય બાબતોમાંથી દૂર રાખવાના આ પ્રયાસ અંગે સરકારની ખૂબ ટીકાઓ પણ થઇ. નિયત તારીખ સુધીમાં લગભગ 20 લાખ રજૂઆતો મંત્રાલયને મળી છે. આ અગત્યના દસ્તાવેજમાં કલાયમેટ ચેઈન્જ સાથે સંકળાયેલા જોખમો અંગે કોઈ ઉલેખ્ખ નથી.

એવી જ રીતે ભારત ખેતીપ્રધાન દેશ છે, ખેતી પર થનારી અસર અંગે સરકારી આયોજનોમાં ભાર મૂકાય તે અગત્યનું બની રહે છે. નાણાકીય બાબતોમાં પણ આ જ મુદ્દો ધ્યાને લેવો જરૂરી બનશે.

સહિયારા પ્રયાસો

વિશ્વભરના દેશો પોતાના અનુભવોને આધારે એકબીજા સાથે સંકલિત થઈને સહિયારા પ્રયાસો આદરે તે જરૂરી બને છે. મારા દેશનો પ્રશ્ન નથી, મને આર્થિક ફાયદો થાય છે એટલે બીજા વિસ્તારમાં થતું પર્યાવરણનું નુકસાન ચાલવા દેવું એ યોગ્ય નથી.

બીજો મુદ્દો છે - ઐતહાસિક ઉત્સર્જનની જવાબદારી સ્વીકારીને નૈતિક રીતે પગલા લેવાનો. આજે આ મુદ્દે વૈશ્વિક નેતાગીરી વામણી સાબિત થઈ રહી છે. કોરોના સામે સૌએ સાથે મળીને લડવાને સ્થાને આરોપોની રાજનીતિ ચાલી. કલાયમેટ ચેઈન્જ મુદ્દે પણ એવું જ થઇ રહ્યું છે. અમેરિકાના નેતાઓ ખુલ્લેઆમ બીજા દેશો પર વધુ પ્રદૂષણ ફેલાવવાનો આરોપ મૂકે છે, એ દેશોએ પણ સમાન જવાબદારી લેવી જોઈએ એવું કહે છે. વિજ્ઞાન એક સૂરે ચેતવણી આપી ચૂક્યું છે તેમ છતાં સહિયારા પ્રયાસો અપૂરતા સાબિત થઇ રહ્યા છે.

સૌથી અગત્યનું - સૌને સાથે રાખીને આગળ વધો

આર્થિક અસામનતા દરેક દેશમાં વધુ ને વધુ દ્રશ્યમાન થઇ રહી છે, માનવ અધિકારોના સન્માનમાં દરેક વર્ગને ન્યાય મળે અને વિકાસની પ્રક્રિયામાં કોઈ વંચિત ના રહે તે જોવાની જવાબદારી અગત્યની છે. સરકારી નીતિઓ પૈસાદારને વધુ પૈસાદાર બનાવે અને ગરીબ વધુ ગરીબ બને એવી હોય તે કોઈ પણ દેશ

માટે શરમજનક વાત છે. ઉદ્યોગોને પર્યાવરણીય સંસાધનો મામૂલી કિંમતે મળી જાય અને સહિયારી કુદરતી સંપતિ પર આધારિત ગરીબ પોતાની આજીવિકા ગુમાવે - આ બે બાબતો વચ્ચેનું સમતોલન ખૂબ જરૂરી છે.

નાના ટાપુ દેશો જેમકે માલદીવ, ફીજી જેવા દેશો પર થતી અસર જોઈએ કે ભારતના પૂર્વ કિનારે ઓરિસ્સાના દરિયાકિનારે દરિયાઈ તોફાનોથી તારાજ થતા ગરીબો હોય - આ એ વર્ગ છે જેણે પર્યાવરણને નુકસાન કદી કર્યું નથી, તેમ છતાં નકારાત્મક પરિણામો ભોગવી રહ્યા છે. કલાયમેટ જસ્ટીસ ક્યાં છે એ સવાલ થવો સ્વાભાવિક જ છે. ભારતે “ગ્લોબલ લીડર” બનવું હશે તો કલાયમેટ ચેઇન્જના મુદ્દે ધ્યાન રાખવું પડશે, યોગ્ય પગલા લેવા પડશે.

ઉપરના મુદ્દાઓની વાત કર્યા બાદ એક વધારાની વાત - યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન કલાયમેટ ચેઈન્જ દ્વારા મુકાયેલ આ ચિત્ર જોઇને થયું આ કઈ તારીખ બદલવાની વાત છે - તપાસ કરતા ખબર પડી કે આપણી પ્રવૃતિઓથી પૃથ્વીના બજેટને બચાવવાની આ વાત છે. આપણે પેટ્રોલ-ડીઝલથી

ચાલતા વાહનને બદલે જાહેર પરિવહનની સગવડ વાપરીએ, સાયકલનો ઉપયોગ કરીએ તો અર્થ ઓવરશૂટ ડે ની તારીખને વિલંબિત કરી શકાય છે. આવા અનેક ફેરફારો આપણી જીવનશૈલીમાં લાવીને આપણે ભવિષ્યની પેઢી માટે સારી સ્થિતિ લાવી શકીએ તે શકાય છે.

22 August 2020 - Earth Over Shoot Day

"પૃથ્વી પરની કુદરતી સંપતિ બધાની જરૂરીઆતો માટે પૂરતી છે પણ બધાના લોભને સંતોષવા પૂરતી નથી" - આ વિધાન આપણને સૌને યાદ છે. આપણે બધા ઘરનું/ઓફિસનું બજેટ બનાવીએ છીએ, એ અનુસાર જ કામ કરીએ છીએ, જીવનશૈલી રાખીએ છીએ. પણ આપણે કોઈ દિવસ પૃથ્વીના બજેટની ગણતરી કરી છે? શું આપણે કદી વિચાર્યું છે કે પૃથ્વીની સંપતિનું વાર્ષિક બજેટ કેટલું છે? હવા, પાણી કે અન્ય કુદરતી સંપતિ - આપણે દરેકને બેહિસાબ જ વાપરીએ છીએ. એટલે જ પૃથ્વીની સંપતિ દિવસે ને દિવસે ઘટી રહી છે. પૃથ્વી પોતાની સંપતિને પછી મેળવે છે પણ એ સમતોલન માટે સમય જોઈએ છે.

ગ્લોબલ ફૂટપ્રિન્ટ નેટવર્ક નામની સંસ્થા દર વર્ષે પૃથ્વીની કુદરતી સંપતિ ક્યાં દિવસે વપરાઈ, પૃથ્વીનું બજેટ ક્યા દિવસે પૂરું થયું તેની તારીખ અભ્યાસને આધારે જાહેર કરે છે. આ વર્ષે તારીખ 22 ઓગસ્ટના રોજ આ દિવસ આવ્યો છે. વધુ વિગતો માટે આપ તેની વેબસાઈટ https://www.overshootday.org/ જોઈ શકો છો. વર્ષ 1970 થી આ અભ્યાસ પ્રક્રિયા ચાલુ કરાઈ છે, પ્રથમ વર્ષે પાયાના વર્ષ તરીકે ગણીને બીજા વર્ષના ડીસેમ્બર માસમાં જ આ તારીખ આવી હતી, ત્યારબાદ ધીમે ધીમે સમયગાળો વર્ષથી, 365 દિવસથી ઓછો થતો રહ્યો. 2000 ના વર્ષ સુધી આપણે સપ્ટેમ્બર સુધી પહોંચી ગયા અને બીજા દસ વર્ષમાં ઓગસ્ટ સુધી. આ વર્ષે અર્થ ઓવરશૂટ ડે થોડા દિવસો પાછળ આવ્યો એનું કારણ કોવિડને કારણે થયેલું લોકડાઉન છે.



જો આપણે સૌ કતારના નાગરિકની જેમ જીવવાનું ચાલુ કરીએ તો આ તારીખ ફેબ્રુઆરી માસમાં જ આવી જાય. જો અમેરિકન નાગરિકની જેમ આખી દુનિયા જીવે તો માર્ચ માસમાં અર્થ ઓવર શૂટ ડે આવી જાય.

ચીની નાગરિકની જીવનશૈલીમાં વિશ્વ જીવે તો જૂન સુધી અને ઇન્ડોનેશિયાના નાગરિકની જેમ જીવીએ તો ડીસેમ્બર સુધી આપણે પૃથ્વીનું બજેટ સંભાળી શકીએ. આ યાદીમાં ભારત દેશની માહિતી ઉપલબ્ધ નથી એટલે ભારતીય નાગરિક અંગે ઉલેખ્ખ કર્યો નથી.(https://www.overshootday.org/newsroom/country-overshoot-days/)

અત્યારે આપણે એક પૃથ્વી નહી પણ 1.6 પૃથ્વીની સંપતિ વાપરી રહ્યા છીએ, આ સીધી રીતે આપણી ભવિષ્યની પેઢી સાથેનો અન્યાય છે. આપણે આપણા સંતાનોની સંપતિ વાપરી રહ્યા છીએ. આપણી આજની જરૂરીઆતો પૂરી કરવા, આપણી વૈભવી જીવનશૈલીને કારણે આપણે ભવિષ્યની પેઢીની સંપતિ વાપરી રહ્યા છીએ. ગયા વર્ષથી કલાયમેટ સ્ટ્રાઇક શરૂ કરનાર બાળકો યાદ આવ્યા ને ? - તેઓએ કરેલા સવાલો યાદ આવ્યા ને? - ભવિષ્યની પેઢી માટે આપણે કશું મૂકીને જવાને બદલે એમની સંપતિ નષ્ટ કરી રહ્યા છીએ.

પર્યાવરણ મિત્ર

('પર્યાવરણ મિત્ર'ના લેખોમાં વ્યક્ત થતા વિચારો સાથે સંપાદક મંડળ સહમત હોય તે જરૂરી નથી.)

પ્રકાશક :

પર્યાવરણ મિત્ર

502, રાજ એવન્યુ, ભાઈકાકા નગર રોડ, થલતેજ ચાર રસ્તા પાસે, અમદાવાદ-380 059.

ફોન : 26851321

ઈ-મેઈલ : paryavaranmitra@yahoo.com
paryavaranmitra502@gmail.com

વેબસાઈટ : http://paryavaranmitra.org.in